RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 255 Dt. 10-04-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT




# આસામ, કેરળ અને પુડુચેરીમાં બમ્પર મતદાન

## પુડુચેરીમાં સૌથી વધુ ૮૯.૮૩ ટકા મતદાન : આસામમાં ૮૫.૪૬ ટકા મતદાન થયું હતું, જ્યારે કેરળમાં ૭૮.૦૯ ટકા મતદાન

નવીદિલ્હી, તા. ૯

આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન એક જ તબક્કામાં થઈ રહ્યું છે. મતદાન સવારે ૭ વાગ્યે શરૂ થયું અને સાંજે ૬ વાગ્યા સુધી ચાલુ રહ્યું. વિધાનસભા ચૂંટણી ઉપરાંત, આજે કર્ણાટકની બે, નાગાલેન્ડની એક અને ત્રિપુરાની એક બેઠક માટે પેટાચૂંટણી યોજાઈ હતી. ગોવામાં પણ એક બેઠક માટે પેટાચૂંટણી યોજાવાની હતી, પરંતુ હાઈકોર્ટે પેટાચૂંટણી પર સ્ટે મુકી દીધો છે.

ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે ૧૨૬ બેઠકો પર ૭૨૨ ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા માટે આસામમાં ૩૧,૯૪૦ મતદાન મથકો બનાવવામાં આવ્યા હતા. ચૂંટણી પંચે આસામના ૩૫ જિલ્લાઓમાં ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાય તે સુનિશ્ચિત કરવા માટે ૧૫૦,૦૦૦ થી વધુ સુરક્ષા કર્મચારીઓને તૈનાત કર્યા હતા. સંવેદનશીલ મતદાન મથકો પર દેખરેખ રાખવા માટે ખાસ માઈક્રો-નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી. અહીં મુખ્ય સ્પર્ધા શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે હતી, લાખો મતદારો તેમના ભાવિ પ્રતિનિધિઓને પસંદ કરવા માટે



મતદાન મથકો પર પહોંચ્યા હતા. તેવી જ રીતે, કેરળની બધી ૧૪૦ બેઠકો માટે એક જ તબક્કામાં મતદાન થયું, જેમાં ૮૮૩ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે LDF ત્રીજી વખત સત્તામાં આવવા માંગે છે, ત્યારે UDF ખોવાયેલ સ્થાન પાછું મેળવવા માંગે છે, અને NDA રાજ્યમાં પોતાનું ખાતું ખોલવાની આશા રાખે છે. દરમિયાન, પુડુચેરીમાં આજે ૯૫૦,૦૦૦ મતદારોએ ૨૯૪ ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા માટે મતદાન કર્યું.

ત્રણ રાજ્યોમાં ૨૦૨૬ ની વિધાનસભા ચૂંટણી માટેના મતદાનના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. પુડુચેરીમાં સૌથી વધુ ૮૯.૮૩ ટકા મતદાન થયું હતું, જે મતદારોના ઉત્સાહને પ્રતિબિંબિત કરે છે. આસામમાં ૮૫.૪૬ ટકા મતદાન થયું હતું, જ્યારે કેરળમાં ૭૮.૦૯ ટકા મતદાન થયું હતું. ત્રિપુરાના ધર્મનગર વિધાનસભા મતવિસ્તારમાં પેટાચૂંટણી માટે મતદાન ગુરુવારે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું હતું, જેમાં સાંજે ૫ વાગ્યા સુધીમાં આશરે ૭૯.૮૪ ટકા મતદાન થયું હતું. પ્રતિકૂળ હવામાન છતાં, મતદારોનો ઉત્સાહ સ્પષ્ટ હતો, અને લોકો મતદાન મથકો પર મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. કડક સુરક્ષા વચ્ચે સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થયું, જેના કારણે તમામ ૫૫ મતદાન મથકો પર શાંતિપૂર્ણ મતદાન થયું. ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, કુલ ૪૬,૧૪૨ મતદારો છ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. મતદાન પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે તમામ બૂથ પર વેબકાસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી અને ઊટખ સાથે VVPAT મશીનોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પેટાચૂંટણી ભાજપના ધારાસભ્ય અને વિધાનસભા અધ્યક્ષ બિસ્વ બંધુ સેનના અવસાન બાદ યોજાઈ હતી. મતદાન દરમિયાન મતદારો લાંબી કતારોમાં જોવા મળ્યા હતા અને કોઈપણ વિક્ષેપ વિના પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

આસામ વિધાનસભા ચૂંટણીમાં મતદાન ગુરુવારે શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયું. સાંજે ૫ વાગ્યા સુધીમાં, આશરે ૮૪.૪૨ ટકા મતદાન નોંધાયું હતું, જે ૨૦૨૧ માં નોંધાયેલા ૮૨.૦૪ ટકા કરતા વધુ છે. આ વર્ષે, મતદારોનો ઉત્સાહ વધુ હતો, અને મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા માટે ઉમટી પડ્યા હતા. રાજ્યના ૩૫ જિલ્લાઓમાં સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થયું અને સાંજ સુધી ચાલુ રહ્યું. કુલ ૧૨૬ બેઠકો પર મતદાન થયું, જ્યાં ૭૨૨ ઉમેદવારો મેદાનમાં છે. ભાજપની આગેવાની હેઠળની ગઉઅ સતત ત્રીજી વખત સત્તામાં આવવાનો પ્રયાસ કરી રહી છે, જ્યારે કોંગ્રેસ એક દાયકા પછી વાપસી માટે જોરદાર પ્રયાસ કરી રહી છે. માહિતી અનુસાર, દાલગાંવમાં સૌથી વધુ ૯૪.૫૭ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે અમરીમાં સૌથી ઓછું ૭૦.૪૦ ટકા મતદાન નોંધાયું હતું. રાજ્યભરમાં ૩૧,૪૯૦ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતા, જ્યાં કડક સુરક્ષા વચ્ચે મતદાન કરવામાં આવ્યું હતું.

# ઈરાને ફરી હોર્મુઝ-સ્ટ્રેટ બંધ કર્યો

નવીદિલ્હી, તા. ૯

૪૦ દિવસનાં ઈરાનનાં યુદ્ધ પછી બુધવાર (૮મી એપ્રિલ)ની વહેલી સવારે જ્યારે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 'સીઝ-ફાયર'ની જાહેરાત કરી ત્યારે સમગ્ર દુનિયાએ રાહતનો શ્વાસ લીધો. પરંતુ પાકિસ્તાનની મધ્યસ્થતા વાળી આ સીઝ-ફાયર મંત્રણાનો ગુબ્બારો અમેરિકાના સાથી દેશ ઇઝરાયેલે ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં ફોડી નાખ્યો. ઇઝરાયલે ઈરાનના સાથી દેશ લેબેનોન ઉપર હજી સુધીમાં કરાયેલા મિસાઈલ્સ હુમલા કરતાં ઘણો ભયંકર મિસાઈલ હુમલો કરી નાખ્યો, ૧૦ મિનિટમાં જ તેણે લેબેનોન ઉપર ૧૦૦થી વધુ મિસાઈલ અને હવાઈ હુમલા કર્યા. તેથી ઓછામાં ઓછા ૨૫૪નાં મૃત્યુ થયાં અને ૧,૧૫૬થી વધુ ઘાયલ થયા. તેણે હિઝબુલ્લાહનાં કમાન્ડ સેન્ટર ઉપર જ મિસાઈલોનો વરસાદ કર્યો જેમાં હિઝબુલ્લાહનો એક અગ્રીમ કમાન્ડર પણ માર્યો ગયો.

આ ભિષણ રક્તપાતથી ધૂંધવાઈ ઊઠેલાં ઈરાને તેને સીઝ-ફાયર ભંગનો આક્ષેપ કર્યો અને સમુદ્રી જળમાર્ગ હોર્મુઝ સ્ટ્રેઈટસ ફરી બંધ કરી દીધી. આ ઉપરાંત શુક્રવારે ૧૦મી એપ્રિલે ઈસ્લામાબાદમાં યોજાનારી શાંતિ મંત્રણામાં પણ ભાગ નહીં લેવાના સંકેતો આપી દીધાં છે.

પાકિસ્તાન સ્થિત ઈરાનના રાજદૂત રજા અમીરી મોગદસે પોતાના તે સોશ્યલ મિડીયા પોસ્ટ ઉપર મુકેલા મેસેજને ઈરેઝ કરી નાખ્યો છે. તે મેસેજમાં ઈરાની પ્રતિનિધિઓ પાકિસ્તાન પહોંચ્યા છે, તેવી માહિતી આપવામાં આવી હતી.



### એપ્રિલની મંત્રણામાં પણ હાજર ન રહેવાની વકી

આ સાથે સંકેત મળી રહ્યાં છે કે ઈઝરાયલે લેબેનોન ઉપર કરેલા હુમલાને લીધે તે શાંતિ-મંત્રણા યોજાવાની સંભાવના નહીવત્ રહી છે. લાગે છે કે સીઝ-ફાયર અંગે પોતાની પીઠ થાબડતાં પાકિસ્તાનને માટે મુશ્કેલી ઊભી થઈ ગઈ છે. આ સંયોગોમાં લેબેનોની આંદોલનકારી હિઝબુલ્લાહે કહ્યું કે, ''ઇઝરાયેલ દ્વારા લેબેનોન ઉપર કરાયેલા હુમલા અમોને જવાબી કાર્યવાહી કરવાનો અધિકાર આપે છે.''બીજી તરફ તુર્કીએ પણ ઇઝરાયેલના આ હુમલાની નિંદા કરી છે.

# કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ બિલને મંજૂરી આપતા રાષ્ટ્રપતિ

### કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા સામાન્ય માહિતી માટે ભારતના ગેઝેટમાં સૂચિત કરાયો

નવી દિલ્હી, તા.૯

ભારતના રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુએ ગુરુવારે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (જનરલ એડમિનિસ્ટ્રેશન) બિલ, ૨૦૨૬ ને મંજૂરી આપી હતી. જેનાથી તેને કાયદો બનવાનો માર્ગ મોકળો થયો.આ કાયદાને ત્યારબાદ કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા સામાન્ય માહિતી માટે ભારતના ગેઝેટમાં સૂચિત કરવામાં આવ્યો.કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા જારી કરાયેલા જાહેરનામા અનુસાર, આ કાયદો સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF) માં ગ્રુપ અ જનરલ ડ્યુટી અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની ભરતી અને સેવાની શરતોને નિયંત્રિત કરતા સામાન્ય નિયમોનું નિયમન કરવાનો પ્રયાસ કરે છે.આ કાયદામાં દળોના વહીવટી અને કાર્યાત્મક પાસાઓ, તેમજ તેની સાથે સંકળાયેલા અથવા આકસ્મિક બાબતો અંગેની જોગવાઈઓ પણ મૂકવામાં આવી છે. સરકારે જણાવ્યું હતું કે CAPF રાષ્ટ્રીય સુરક્ષામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જેમાં સરહદ સુરક્ષા અને કેન્દ્ર અને રાજ્યોમાં આંતરિક



સુરક્ષા જાળવવાનો સમાવેશ થાય છે. તેમાં વધુમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે આ દળો કડક કમાન્ડ અને કંટ્રોલ માળખા હેઠળ કાર્ય કરે છે અને અન્ય સંગઠનોની તુલનામાં તેમની વિશિષ્ટ કાર્યકારી જરૂરિયાતો છે.આ કાયદાથી CAPF ની અંદર વહીવટી પ્રક્રિયાઓમાં વધુ સ્પષ્ટતા અને એકરૂપતા લાવવાની અપેક્ષા છે, જેનાથી કાર્યક્ષમતા અને શાસનમાં સુધારો થશે. દરમિયાન, સંસદના ઉપલા ગૃહમાં પસાર થયા પછી, લોકસભા CAPF (સામાન્ય વહીવટ) બિલ, ૨૦૨૬ પર ચર્ચા કરવાનું નક્કી કરે છે. આ બિલમાં CAPF માં પચાસ ટકા જગ્યાઓ ઇન્સ્પેક્ટર જનરલના રેન્કમાં ડેપ્યુટેશન દ્વારા ભરવાની અને ઓછામાં ઓછી સિત્તેર ટકા જગ્યાઓ એડિશનલ ડિરેક્ટર જનરલના રેન્કમાં ડેપ્યુટેશન દ્વારા ભરવાની જોગવાઈ છે, અને સ્પેશિયલ ડિરેક્ટર જનરલ અને ડિરેક્ટર જનરલના રેન્કમાં બધી જગ્યાઓ ફક્ત ડેપ્યુટેશન દ્વારા ભરવાની જોગવાઈ છે.રાજ્યની ચૂંટણીઓ પહેલા કેન્દ્રીય મંત્રી અમિત શાહ પશ્ચિમ બંગાળમાં હોવાની અપેક્ષા છે, તેથી ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાય ગૃહમાં બિલ રજૂ કરે તેવી શક્યતા છે.બુધવારે, વિપક્ષ દ્વારા કરવામાં આવેલા વોકઆઉટ વચ્ચે રાજ્યસભામાં CAPF બિલ પસાર કરવામાં આવ્યું.વિપક્ષના સાંસદોએ એવો વિરોધ કર્યો હતો કે આ બિલ ૨૦૨૫ માં સુપ્રીમ કોર્ટના ચુકાદાની વિરુદ્ધ છે, જેમાં ""CAPF ના કેડરમાં સિનિયર એડમિનિસ્ટ્રેટિવ ગ્રેડ (SAG) ના સ્તર સુધી પ્રતિનિયુક્તિ માટે નિર્ધારિત પોસ્ટ્સની સંખ્યા બે વર્ષની બાહ્ય મર્યાદામાં ક્રમશઃ ઘટાડવાની માંગ કરવામાં આવી હતી.''

# દરેક દુષ્કર્મ કેસની ખુલશે ફાઈલઃ મોદી

## બંગાળમાં વડાપ્રધાન મોદીએ આપી છ ગેરેન્ટી કહ્યું ગૌરવને પુનઃસ્થાપિત કરવાની ચૂંટણી

નવીદિલ્હી, તા. ૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપની જીત માટે પશ્ચિમ બંગાળના લોકો પાસેથી આશીર્વાદ માંગ્યા છે. હલ્દિયામાં એક જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે બંગાળમાં આ ચૂંટણી સામાન્ય નથી. આ બંગાળના ગૌરવને પુનઃસ્થાપિત કરવાની ચૂંટણી છે. આ એક વિકસિત બંગાળના પાયાને મજબૂત બનાવવાની ચૂંટણી છે, અને પહેલું અને સૌથી મોટું પગલું એક નિર્દય સરકારનું વિદાય હશે. સ્વાતંત્ર્ય સેનાની સતીશ ચંદ્ર સામંતને યાદ કરતા, પીએમ મોદીએ રાજ્યના લોકોને છ ગેરંટી આપી.

પ્રધાનમંત્રી મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું, ''ગુલામીના સમયગાળા દરમિયાન, સતીશ ચંદ્ર સામંતે બ્રિટિશ શાસનને હચમચાવી નાખ્યું હતું. આજે, આ જ ભૂમિ પરથી, હું પશ્ચિમ બંગાળને છ ગેરંટી આપું છું. પહેલી ગેરંટીઃ ભાજપ સરકાર બંગાળમાં ભયને વિશ્વાસથી બદલી નાખશે અને કાયદામાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરશે. બીજી ગેરંટીઃ ભાજપ સરકાર હેઠળ, સરકારી વ્યવસ્થા લોકોની સેવા કરવા માટે જવાબદાર રહેશે. ત્રીજી ગેરંટીઃ દરેક કૌભાંડ, દીકરીઓ સામેનો દરેક અન્યાય અને દરેક બળાત્કારનો કેસ ફરીથી ખોલવામાં આવશે.''

તેમની ચોથી ગેરંટીમાં, તેમણે જણાવ્યું હતું કે ટીએમસીના શાસન દરમિયાન પણ જેણે પણ ભ્રષ્ટાચાર કર્યો છે, તેને જેલમાં ધકેલી દેવામાં આવશે. મંત્રી હોય કે ચોકીદાર, કાયદો બધાનો હિસાબ લેશે. ટીએમસીનો કોઈ ગુંડો કાયદાથી બચી શકશે નહીં. અમે ટીએમસીને જનતાના પૈસાની ચોરી કરવા દઈશું નહીં.

બંગાળના લોકોને પાંચમી ગેરંટી આપતાં પીએમ મોદીએ કહ્યું, ''શરણાર્થીઓને બંધારણ હેઠળ તમામ અધિકારો મળશે, પરંતુ ઘુસણખોરોને હાંકી કાઢવામાં આવશે. તેમને ભારતમાં રહેવા દેવામાં આવશે નહીં.'' તેમની છઠ્ઠી ગેરંટીમાં તેમણે કહ્યું, ''ભાજપ સરકાર બનતાની સાથે જ બંગાળમાં તમામ સરકારી કર્મચારીઓ, શિક્ષકો અને અન્ય સેવા કર્મચારીઓ માટે ૭મું પગાર પંચ લાગુ કરવામાં આવશે.''

પશ્ચિમ બંગાળના લોકોને અપીલ કરતા પીએમ મોદીએ કહ્યું કે આ ગેરંટીઓને ધ્યાનમાં રાખીને, તેમણે ૨૩ એપ્રિલે ભારે મતદાન કરવું જોઈએ. ખાતરી કરો કે ભાજપના ઉમેદવારો દરેક બૂથ પર જીતે. તેમણે ઉમેર્યું, ''અમારો સિદ્ધાંત અને મંત્ર 'સબકા સાથ, સબકા વિકાસ' છે. અમે આ માટે પ્રતિબદ્ધ છીએ. પરંતુ હું બંગાળને વધુ એક વચન આપું છુંઃ સબકા સાથ, સબકા વિકાસ, અને બંગાળમાં લૂંટારાઓને જવાબદાર ઠેરવવામાં આવશે.''

રેલીને સંબોધતા વડા પ્રધાન મોદીએ કહ્યું કે બંગાળે આ વખતે દરેક પ્રતિકૂળતાને હરાવવાનો નિર્ણય લીધો છે. આ ઉત્સાહ



## માનવ તસ્કરી અટકાવવા પોલીસ તંત્રએ તૈયાર કર્યા સાણસા

# ગુજરાત પોલીસના 'ઓપરેશન સુરક્ષા' અભિયાનનો પ્રારંભ

### પોલીસ વડા ડો.કે.એલ.એન. રાવનું સરાહનીય પગલું: એડિશનલ ડીજીપી અજય ચોધરીને પણ હાઈ લેવલના અભિયાનમાં મહત્વની ભૂમિકા સુપ્રત

રાજકોટ, તા.૯

મુખ્ય પોલીસ વડા તરીકે ચાર્જ લેતા સાથે જ પોતાના વિશાળ અનુભવ આધારે લોકોને સીધી સ્પર્શતી સમસ્યાઓ, સમસ્યાઓનો અમલ કરવાની જેની જવાબદારી છે, તેમની પોતાની અર્થાત્ પોલીસ સ્ટાફની રહેણાંક તેમની વ્યાજબી મુશ્કેલી અંગેની રજૂઆત અને તેમના અમલની નવી પ્રણાલી શરૂ કરનાર રાજ્યના મુખ્ય પોલીસ વડા ડો.કે. એલ એન.રાવ દ્વારા ઓપરેશન સુરક્ષા અભિયાન શરૂ કરાયું છે, લોકોના સદનસીબે તેમના આ અભિયાનમાં ડો કે.એલ.એન રાવ જેમ માનવીય અભિગમ ધરાવતા એડિશનલ ડીજીપી ઈઈઉ ક્રાઈમ અજય ચોધરી પણ જોડતા આ અભિયાને ગતિ પકડી છે.

૧૫ એપ્રિલ સુધી ચાલનાર આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ માનવ તસ્કરીના નેટવર્કને છિન્નભિન્ન કરવાનો છે. પીડિતોની સુરક્ષા અને તેમને સહાય પૂરી પાડવી, ખાસ કરીને મહિલાઓ અને બાળકોને. અભિયાન ત્રણ તબક્કામાં વહેંચાયેલું છે. ** પ્રથમ તબક્કો: ઈન્ટેલિજન્સ એકઠું કરીને બસ, રેલવે સ્ટેશન, ઈટ ભઠ્ઠા, મસાજ પાર્લર જેવા સંવેદનશીલ સ્થાનોની માહિતી જુટાવવી. બીજો તબક્કામાં બ્રોકર્સ, પ્લેસમેન્ટ ** એજન્સીઓ અને મજૂર કોન્ટ્રેકટર્સની લિસ્ટ તૈયાર કરવી. ત્રીજામાં હોટસ્પોટ્સ પર છાપા મારીને પીડિતોને મુક્ત કરાવવા અને મુખ્ય તડિફકર્સને ધરપકડવા. તેમજ મુખ્ય તસ્કરી કરનારાઓની ધરપકડ, બેંક ખાતાઓને ફ્રીઝ કરવા, અને પીડિતોને મનોવૈજ્ઞાનિક સહાય પૂરી પાડવી. પોલિસ મહાનિર્દેશક ડો. કે.એલ.એન. રાવ અને અપર પોલિસ મહાનિર્દેશક અજય ચૌધરીના માર્ગદર્શન હેઠળ સમગ્ર અભિયાન ચલાવશે તેમજ ચાઈલ્ડ વેલફેર કમિટી અને નોનપ્રગવર્નમેન્ટલ સંગઠનોની મદદ લેવામાં આવશે, જેમાં મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ પણ સામેલ હોવાનું જાહેર કરાયું છે.





૧૫ એપ્રિલ સુધી ચાલનાર આ અભિયાનને મુખ્ય ત્રણ તબક્કાઓ સાથે ૭ પેટા તબક્કામાં શ્રેણીબદ્ધ ચર્ચાઓ, અભ્યાસ બાદ આ બંને સિનિયર ઈંડજ દ્વારા વહેંચી દેવાયું છે...

# રાજકોટના ચૂંટણી નિરીક્ષક તરીકે આલોક કુમાર પાંડે

### અમદાવાદ, સુરત તથા વડોદરામાં પણ ચૂંટણી મોનિટરિંગ કરશે નિરીક્ષકો

નવીદિલ્હી, તા. ૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા સિનિયર આઈએએસ અધિકારીઓને ચૂંટણી નિરીક્ષક તરીકે જવાબદારી સોંપી છે તેમાં રાજકોટની જવાબદારી આલોક કુમાર પાંડેને સોંપવામાં આવી છે. જે ચૂંટણી સંદર્ભે તમામ નાની મોટી કામગીરી પર બાજ નજર રાખશે. એટલું જ નહીં કોઈપણ પ્રકારની ગેરરીતી ચૂંટણી સમયે ન થાય તે માટેની તકેદારી પણ હાલ અધિકારી દ્વારા રાખવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. અમદાવાદ, વડોદરા તથા સુરત અને રાજકોટ ખાતે હાલ ચૂંટણી નિરીક્ષકો ની નિયુક્તિ કરવામાં આવી છે.

ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય તથા પેટા ચૂંટણીઓ માટે રાજ્ય ચૂંટણી આયોગે કમર કસી છે. ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણપણે નિષ્પક્ષ, મુક્ત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી આયોગ દ્વારા રાજ્યના ૩૪ ઉચ્ચ વહીવટી અધિકારીઓને વિવિધ જિલ્લાઓ માટે ચૂંટણી નિરીક્ષક તરીકે નિયુક્ત કરવાનો મહત્વનો હુકમ કરવામાં આવ્યો છે. આ અધિકારીઓમાં સિનિયર ઈંઅજ અધિકારીઓનો પણ સમાવેશ થાય છે, જેમને અલગ-અલગ જિલ્લાઓની જવાબદારી સોંપાઈ છે.

રાજ્ય ચૂંટણી આયોગના સચિવ આર. જી. ગોહિલ દ્વારા જાહેર કરવામાં આવેલા હુકમ અનુસાર, અમદાવાદ મહાનગરપાલિકા અને જિલ્લાની જવાબદારી અવંતીકા સિંઘ ઔલખને સોંપવામાં આવી છે. તેવી જ રીતે, સુરત માટે ડો. વિનોદ રાવ, વડોદરા માટે લોચન સેહરા, રાજકોટ માટે આલોક કુમાર પાંડે અને ભાવનગર-બોટાદ જિલ્લા માટે કુ. આર્દ્રા અગ્રવાલની નિમણૂક કરવામાં આવી છે. આ નિરીક્ષકો મતદાન મથકોની મુલાકાત લેશે, આદર્શ આચાર સંહિતાનું પાલન કરાવશે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સીધી દેખરેખ રાખશે .



નિયુક્ત કરાયેલા નિરીક્ષકોને મતદાનના દિવસ સુધીનો પ્રથમ અહેવાલ અને મતગણતરી બાદનો બીજો અહેવાલ આયોગને રજૂ કરવાના રહેશે. તેઓ મતદાન મથકે પ્રવેશ કરી શકશે, ઉમેદવારોના ખર્ચના રજિસ્ટર તપાસી શકશે અને ઊટખ મશીનોના ઉપયોગ અંગેની તાલીમનું પણ નિરીક્ષણ કરશે. આ ઉપરાંત, સંવેદનશીલ વિસ્તારોમાં મતદાન દૂષિત ન થાય તેની ખાસ તકેદારી રાખવાની જવાબદારી પણ નિરીક્ષકોના શિરે રહેશે . આ ચૂંટણી નિરીક્ષકોની કામગીરી અને માર્ગદર્શન માટે આજે ગાંધીનગર સચિવાલય ખાતે એક મહત્વની બ્રીફિંગ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં તમામ અધિકારીઓને ચૂંટણીલક્ષી સાહિત્ય અને જરૂરી સૂચનાઓ પૂરી પાડવામાં આવશે. રાજ્ય ચૂંટણી આયોગના આ કડક પગલાથી ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શક બનશે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

ગાંધીનગર ખાતે હાલ બેઠકોનો દોર ચાલી રહ્યો છે ત્યારે રાજ્યમાં જે ચૂંટણીઓ યોજાઈ તે શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે અને ખાસ સમયાંતરે વીડિયો કોન્ફરન્સ મારફતે ચૂંટણી અધિકારીઓ સાથે ચર્ચા પણ કરવામાં આવી રહી છે.

### 'પ્રીમિયર બેન્કિંગ માટે ભારતની સર્વશ્રેષ્ઠ બેંક' જાહેર કરાઈ

# યુરોમની પ્રાઈવેટ બેન્કિંગ એવોર્ડ્સ ૨૦૨૬માં HDFC બેંક સૌથી સુરક્ષિત ખાનગી બેંક

EUROMONEY
PRIVATE BANKING
AWARDS 2026
INDIA
SAFEST PRIVATE BANK

મુંબઈ, તા.૯

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક, એચડીએફસી બેંકને યુરોમની પ્રાઈવેટ બેન્કિંગ એવોર્ડ્સ ૨૦૨૬માં 'ભારતની સૌથી સુરક્ષિત ખાનગી બેંક' અને 'પ્રીમિયર બેન્કિંગ માટે ભારતની સર્વશ્રેષ્ઠ બેંક' જાહેર કરવામાં આવી છે. આ એવોર્ડ્સનું આયોજન યુરોમની મેગેઝિન દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારતની સૌથી સુરક્ષિત ખાનગી બેંક તરીકેની એચડીએફસી બેંકની માન્યતા તેની ક્ષમતાના ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત છે: તેની મૂડી સ્થિતિસ્થાપકતા, ધિરાણના જોખમ પ્રત્યેનો શિસ્તબદ્ધ અભિગમ અને જોખમ સહન કરી શકે તેવાસુદઢ પાયા માટે સંસ્થાગતકટિબદ્ધતા. એચડીએફસી બેંકે આ વર્ષે પ્રીમિયર બેન્કિંગ માટે ભારતમાં સર્વશ્રેષ્ઠ બેંક તરીકેનું બહુમાન હાંસલ કર્યું છે, જેમાંતેને તેનાકાર્યદેખાવ, ઉત્પાદનોની ગહનતા, ડિજિટલ ક્ષમતા અને માનવ સંસાધનના વિકાસમાં તેણે સાધેલી નિરંતરપણે પ્રગતિનુંસમર્થન પ્રાપ્ત થયું છે.

એચડીએફસી બેંકના ઇન્વેસ્ટમેન્ટ બેન્કિંગ, પ્રાઇવેટ બેન્કિંગ, ઇન્ટરનેશનલ બેન્કિંગ, ડિજિટલ ઇકોસિસ્ટમ્સ અને બીએએએસના ગ્રૂપ હેડ રાકેશ કે. સિંઘે જણાવ્યું હતું કે, 'ભારતની સૌથી સુરક્ષિત ખાનગી બેંક અને પ્રીમિયર બેન્કિંગ માટે ભારતની સર્વશ્રેષ્ઠ બેંક તરીકેની માન્યતા પ્રાપ્ત કરવા બદલ અમે ખુશ છીએ.આ પુરસ્કારો અમારા ગ્રાહકોની સેવા કરવા માટેની અમારી ટીમની અટલ કટિબદ્ધતા અને છેલ્લાં લગભગ ત્રણ દાયકાથી તેમણે એચડીએફસી બેંકમાં મૂકેલા વિશ્વાસને દર્શાવે છે. અમારા રિલેશનશિપ મેનેજરો અમારા ગ્રાહકોની રોકાણની વિશિષ્ટ જરૂરિયાતો અને લક્ષ્યોને સમજવા તેમજ તેને પૂરાં કરવા માટે સુસજ્જ છે.અમે અમારી એપ્લિકેશન - સ્માર્ટવેલ્થ દ્વારા વેલ્થ મેનેજમેન્ટ માટે ટેકનોલોજીનો લાભ ઉઠાવીએ છીએ, જે અત્યંત વ્યક્તિગત અનુભવ પૂરો પાડે છે અને ગ્રાહકોના તમામવર્ગોમાં વેલ્થ મેનેજમેન્ટનું લોકશાહીકરણ કરે છે.'

યુરોમની પ્રાઈવેટ બેન્કિંગ એવોર્ડ્સ એ સમગ્ર વિશ્વમાં ખાનગી બેન્કિંગ અને વેલ્થ મેનેજમેન્ટ ઉદ્યોગનો એક પ્રતિષ્ઠિત વાર્ષિક પુરસ્કાર સમારંભ છે.છેલ્લાં બે દાયકાથી વધુ સમયથીઆ કાર્યક્રમ દ્વારા પ્રમુખ કેટેગરીઓમાં વિશિષ્ટ સ્થાન ધરાવતી ખાનગી બેંકોને સન્માનિત કરવામાં આવે છે.તેમાં હાઈથી અલ્ટ્રા-હાઈ નેટ વર્થ, ફેમિલી ઑફિસ સેવાઓ, ઉત્તરાધિકારનું આયોજન, ડિજિટલ સેવાઓ, વિવેકાધીન પોર્ટફોલિયોનું મેનેજમેન્ટ, સસ્ટેનેબિલિટી વગેરેનો સમાવેશ થાય છે.

### વિજય રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ-રોટરી કલબનાં સંયુકત ઉપક્રમે

## સ્વ. વિજયભાઈ રૂપાણીની ૧૦મી માસિક પુણ્યતિથિએ વિનામૂલ્યે નિદાન - શ્રવણયંત્ર વિતરણ કેમ્પ યોજાશે

### કાન, નાક, ગળાના દર્દો તથા વર્ટીંગો (ચકકર આવવા)નું વિનામૂલ્યે નિદાન તથા સારવાર કરાશે

રાજકોટ, તા.૯

વિજયભાઈ રૂપાણીની ૧૦મી માસિક પુણ્યતિથિ નિમિત્તે વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ અંતર્ગત આગામી રવિવારે તા.૧૨ના રોજ સવારે ૮-૩૦થી ૧૧-૩૦ દરમિયાન પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ 'કિલ્લોલ', ૧-મયુરનગર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે, ભાવનગર રોડ, રાજકોટ ખાતે વિનામૂલ્યે નિદાન તેમજ સારવાર કેમ્પ તેમજ શ્રવણયંત્ર વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં કાન-નાક-ગળાના રોગોના ડો. જતીન મોદી, ડો.નિરવ અને કોઈપણ પ્રકારના ચકકર આવતા હોય જેમાં ડો.દર્શનભાઈ ભટ્ટ, ચામડી વિભાગમાં ડો.ચેતનભાઈ, ડો.પૂજા, ડો. પ્રિયંકા, બાળરોગ વિભાગમાં ડો. નિખિલ, ડો. અનિલ, દંત રોગ વિભાગમાં ડો.બિંદન શાહ, ડો.પ્રિતેશ, ડો.બંસી તેમજ ડો.નેહાંશી વગેરે નિષ્ણાત ડોકટરો સેવાઓ આપશે અને જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે શ્રવણયંત્ર ડોકટરની સલાહ મુજબ વિતરણ કરવામાં આવનાર હોવાંનું જાહેર કરાયું છે.

કેમ્પના આયોજનમાં ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટની મેડીકલ કમિટી મેમ્બર્સ મહેશભાઈ ભટ્ટ, ડો.જૈમીનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, દિવ્યેશભાઈ, ગીતાબેન વસા, શૈલેષભાઈ, હરીશભાઈ અને કેતનભાઈ મેસવાની વગેરે સેવારત હોવાની વિગતો મળી રહી છે.

# વોકહાર્ટ હોસ્પિટલ દ્વારા યોજાઈ જનજાગૃતિ રેલી

### મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા : પ્રિવેન્ટિવ હેલ્થકેર એ સાચું રોકાણ છે: ડો. દુષ્યંતપટેલ

રાજકોટ, તા.૬

વિશ્વ આરોગ્ય દિવસ (વર્લ્ડ હેલ્થ ડે) ના અવસરેવોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટ દ્વારા પ્રિવેન્ટિવ હેલ્થકેર અને સમયસર નિદાનના મહત્વ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ નિમિત્તે શહેરમાં એકભવ્ય જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં નાગરિકો, આરોગ્ય કર્મચારીઓ અને યુવાનો ઉત્સાહભેર જોડાયા હતા.




રેલીના માધ્યમથી ''સ્વાસ્થ્ય એ જ સંપત્તિ''નો સંદેશ લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન દેશમાં વધતા લાઈફસ્ટાઈલ સંબંધિત રોગોના જોખમ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી, કારણ કે બદલાતી જીવનશૈલી અને વધતા તણાવને કારણે ડાયાબિટીસ, હાયપરટેન્શન અને હૃદય રોગ જેવી સ્થિતિઓ ચિંતાજનક દરે વધી રહી છે. વૈશ્વિક આંકડાઓ મુજબ બિન-ચેપી રોગોવિશ્વભરમાં થતા કુલ મૃત્યુના લગભગ ૭૪ ટકા માટે જવાબદાર છે, જેમાં ભારતનો હિસ્સો નોંધપાત્ર છે.

આ સંદર્ભે વોકહાર્ટ હોસ્પિટલ્સના સેન્ટર હેડ ડો. દુષ્યંત પટેલે ઉપસ્થિત મેદનીને સંબોધતા જણાવ્યું હતું કે આજના સમયમાં હેલ્થકેર માત્ર બીમારીની સારવાર સુધી મર્યાદિત ન રહેતા, રોગ અટકાવવા એટલે કે 'પ્રિવેન્શન' પર આધારિત હોવી જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે નિયમિત હેલ્થ ચેક-અપ, સંતુલિત આહાર, શારીરિક પ્રવૃત્તિ અને માનસિક તણાવનું સંચાલન એ લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે અનિવાર્ય છે, છતાં ઘણા લોકો શરૂઆતના લક્ષણોને અવગણે છે જે આગળ જતાં ગંભીર સમસ્યાઓનું કારણ બને છે. ખાસ કરીને શહેરી વિસ્તારોમાં બેઠાડુ જીવન જીવતા લોકો વધુ જોખમમાં છે, પરંતુ જાગૃતિ અને સમયસરની કાર્યવાહીથી આ જોખમને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે.

વોકહાર્ટ હોસ્પિટલ્સ દ્વારા આ રેલી ઉપરાંત સતત હેલ્થ કેમ્પ અને સ્ક્રીનિંગ કાર્યક્રમો દ્વારા લોકોને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજના સફળ આયોજનના અંતે હોસ્પિટલ તંત્ર દ્વારા નાગરિકોને એવી નમ્ર અપીલ કરવામાં આવી હતી કે તેઓ પ્રિવેન્ટિવ કેર અપનાવે, સ્વસ્થ જીવનશૈલી તરફ આગળ વધે અને નિયમિત રીતે ડોક્ટરની સલાહ લેતા રહે, જેથી જીવનની શ્રેષ્ઠ ગુણવત્તા સુનિશ્ચિત કરી શકાય.

# મહિલા અનામત કાયદાને આપો સમર્થન : વડાપ્રધાન

### ૨૦૨૯ની લોકસભા ચૂંટણીઓ અને રાજ્ય વિધાનસભા ચૂંટણીઓ મહિલા અનામત સાથે યોજવી ખૂબ જ જરૂરી હોવાનું જણાવતા નરેન્દ્ર મોદી

નવી દિલ્હી, તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે મહિલા અનામત કાયદામાં પ્રસ્તાવિત સુધારા ફક્ત કાયદાકીય કવાયત નથી પરંતુ ભારતભરની કરોડો મહિલાઓની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે, અને તેઓએ તમામ સાંસદોને આ પગલાને સમર્થન આપવા માટે એક સાથે આવવા વિનંતી કરી હતી.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આ પગલું એક સિદ્ધાંતને સમર્થન આપે છે જે લાંબા સમયથી ભારતની સભ્યતાવાદી નીતિઓને માર્ગદર્શન આપે છે કે 'જ્યારે મહિલાઓ પ્રગતિ કરે છે ત્યારે સમાજ પ્રગતિ કરે છે'. તેમણે કહ્યું કે આગામી સમયમાં ૨૦૨૯ની લોકસભા ચૂંટણીઓ અને રાજ્ય વિધાનસભા ચૂંટણીઓ મહિલા અનામત સાથે યોજવી ખૂબ જ જરૂરી છે.

મોદીએ કહ્યું કે રાષ્ટ્ર એક ઐતિહાસિક ક્ષણ સામે ઉભું છે, જે લોકશાહીના પાયાને વધુ મજબૂત બનાવવાની અને સમાનતા અને સમાવેશ માટે સામૂહિક પ્રતિબદ્ધતાને ફરીથી સ્થાપિત કરવાની તક છે. સંસદ ૧૬ એપ્રિલે મહિલા અનામતને આગળ વધારવા માટે એક બિલની ચર્ચા અને પસાર કરવા માટે બોલાવશે. આને ફક્ત કાયદાકીય કવાયત નહીં પણ તે ભારતભરની કરોડો મહિલાઓની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે.



ઉલ્લેખનીય છે કે, સંસદનું બજેટ સત્ર લંબાવવામાં આવ્યું છે, જેમાં ૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓથી અમલમાં મૂકવા માટે 'નારી શક્તિ વંદન અધિનિયમ' અથવા મહિલા અનામત અધિનિયમમાં સુધારો કરવા માટે ૧૬ થી ૧૮ એપ્રિલ સુધી ત્રણ દિવસની ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ પગલાથી લોકસભાની બેઠકો વધીને ૮૧૬ થશે, જેમાં ૨૭૩ મહિલાઓ માટે અનામત રહેશે.

૨૦૨૩માં બંધારણીય સુધારા દ્વારા લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામતની જોગવાઈ કરવામાં આવી હતી, પરંતુ ૨૦૨૭ ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન કવાયત પછી જ તે અમલમાં આવશે. પરિણામે, જો વર્તમાન માળખું યથાવત રહેશે તો તેનો અમલ ૨૦૩૪ સુધીમાં થવાની અપેક્ષા છે.

પ્રસ્તાવિત ફેરફારો હેઠળ, લોકસભાની સંખ્યા ૫૪૩ થી વધીને ૮૧૬ થશે, જેમાં જી અને જી બેઠકો સહિત ઊભી રીતે અનામત લાગુ કરવામાં આવશે. મતવિસ્તારનું સીમાંકન ૨૦૨૭ ની સૂચિત વસ્તી ગણતરીને બદલે ૨૦૧૧ ની વસ્તી ગણતરી પર આધારિત હશે. રાજ્ય વિધાનસભાઓ માટે પણ આવી જ કવાયતની કલ્પના કરવામાં આવી છે, જેમાં પ્રમાણસર ધોરણે બેઠકો અનામત રાખવામાં આવશે.

મોદીએ કહ્યું કે મહિલાઓ ભારતની વસ્તીનો લગભગ અડધો ભાગ છે, રાષ્ટ્રમાં તેમનું યોગદાન વિશાળ અને અમૂલ્ય છે અને આજે, ભારત દરેક ક્ષેત્રમાં મહિલાઓ દ્વારા નોંધપાત્ર સિદ્ધિઓ જોઈ રહ્યું છે.

# ચૂંટણી માટે ૯૦ ફોર્મ ભરાયા

### રાજકોટ મહાનગરપાલિકા, નગરપાલિકા, તા. પં., જિ.પં.ની ચૂંટણી માટે ઉમેદવારોનો ઘસારો

રાજકોટ, તા. ૯

રાજકોટ મહાનગર પાલિકા તેમજ જિલ્લામાં નગરપાલિકાઓ, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની બેઠકો માટે ઉમેદવારી ફોર્મ વિતરણ શરૂ થયું છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૯૦ ફોર્મ ભરાઈને પરત આવ્યા છે. જિલ્લાના ચૂંટણી તંત્રના જણાવાયા મુજબ, રાજકોટ જિલ્લામાં ૧૧ તાલુકા પંચાયતની કુલ ૨૦૨ બેઠકોની ચૂંટણી માટે ૮મી એપ્રિલે ૧૧ અને ૯મી એપ્રિલે ૫૯ મળીને કુલ ૭૦ ઉમેદવારી ફોર્મ ભરાઈને પરત આવ્યા છે. જિલ્લા પંચાયતની ૩૬ બેઠકોની ચૂંટણી માટે ૮મી એપ્રિલે ૦૨ તથા ૯મી એપ્રિલે ૦૭ મળીને કુલ ૦૯ ફોર્મ ભરાયા છે. ગોંડલ નગરપાલિકાની ચૂંટણી માટે હજુ કોઈ ઉમેદવારી ફોર્મ પ્રાપ્ત થયું નથી.



રાજકોટ મહાનગર પાલિકામાં ૧૮ વોર્ડમાં યોજાનારી ચૂંટણી માટે છેલ્લા બે દિવસમાં કુલ ૧૧ ફોર્મ ભરાયા છે. ૮મી એપ્રિલે એકપણ ફોર્મ ભરાયું નહતું. ૯મીએ કુલ ૧૧ ફોર્મ પ્રાપ્ત થયા છે. આમ ૮મી એપ્રિલે કુલ ૧૩ તથા ૯મી એપ્રિલે કુલ ૭૭ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. ૬ એપ્રિલે ફોર્મ ભરાવાનું શરૂ થયા બાદ આજ સુધી કુલ ૯૦ ફોર્મ ભરાયા છે.

# રાજુ કરપડાએ કર્યો કેસરિયો ધારણ

## આપ'નાં કાર્યકાળ વખતે રાજુ કરપડાએ ખેડૂતોનાં પ્રશ્ન લાંબો જેલવાસ પણ વેઠયો હતો



રાજકોટ, તા. ૯

ભૂતકાળમાં આમ આદમી પાર્ટીમાં ખેડૂત નેતા તરીકે રાજુ કરપડાએ ખેડૂતોનો અવાજ બન્યા હતા. પરંતુ ભારે વિરોધ અને વિવાદશ પદ કારણોસર તેઓ જેલ હવાલે પણ થયા હતા અને તે બાદ આમ આદમી પાર્ટી સાથે તેઓએ પોતાનો નાતો પણ તોડ્યો હતો. તે સમયથી જ ચર્ચા જોર પકડ્યું હતું કે રાજુભાઈ ભાજપમાં જોડાશે ત્યારે ગઈકાલે તેઓએ કેસરિયો ખેસ ધારણ કરી લીધો છે.

આમ આદમી પાર્ટીનાં પૂર્વ નેતા અને રાજયનાં ખેડૂત આગેવાન રાજુ કરપડાએ ભાજપનો કેસરીયો ખેસ ધારણ કરી સતાવાર રીતે ભાજપમાં પ્રવેશ કર્યો હતો. ગાંધીનગર ખાતે રાજુ કરપડાને પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરૂધ્ધ દવેએ ભાજપનો ખેસ પહેરાવી ખેડૂત નેતાનો ભાજપમાં સતાવાર રીતે પ્રવેશ કરાવ્યો હતો. આ તકે કમલમ ખાતે પૂર્વ મંત્રી ગોરધન ઝડફીયા, ભરતભાઈ બોઘરા, સહિતનાં ભાજપ આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ 'આપ'નાં કાર્યકાળ વખતે રાજુ કરપડાએ ખેડૂતોનાં પ્રશ્ને લાંબો જેલવાસ પણ વેઠયો હતો. જોકે તાજેતરમાં જ જેલમુકત થયા બાદ નેતા કરપડાએ 'આપ'માંથી રાજીનામુ ધરી દીધુ હતું. અને ત્યારથી જ તેઓ ભાજપમાં જોડાઈ જશે તેવી અનેક અટકળો અને ચર્ચા જાગી હતી. અંતે તમામ અટકળોનો આજરોજ અંત આવેલ હતો અને પૂર્વ આપ નેતાએ ભાજપના ખેસ ગાંધીનગર ખાતે ધારણ કરી લીધો હતો. ઉલ્લેખનીય છે કે આજરોજ સવારમાં રાજુ કરપડાએ સુરેન્દ્રનગર ખાતે જબરૂ શકિત પ્રદર્શન કરી ૧૦૦ કારનાં કાફલા સાથે ગાંધીનગર તરફ પ્રયાણ કર્યું હતું. અને બપોરે ભાજપ કાર્યાલયે પહોંચી સતાવાર રીતે ભાજપ પ્રવેશ કર્યો હતો.

નોંધનીય છે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે જ કરપડાનો ભાજપ પ્રવેશ સૂચક મનાય છે અને હવે તેઓ સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતની મૂળી બેઠક ઉપર ભાજપ તરફથી ચૂંટણી લડશે. અગાઉ પણ કરપડા સુરેન્દ્રનગર જીલ્લા પંચાયતની બેઠક ઉપરથી ચૂંટણી લડયા હતા. અને હવે ફરીથી તેઓ ભાજપ તરફથી જીલ્લા પંચાયતની ચૂંટરીમાં ઝંપલાવશે જેનાં પગલે સ્થાનિક સ્વરાજની ચૂંટણી ટાણે હવે રાજકીય માહોલ ગરમાશે.

ખેડૂતોના હિત માટે સતત અવાજ ઉઠાવતા રહેલા રાજુ કરપડાએ ભાજપમાં જોડાયા બાદ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તેમનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર અને માત્ર ખેડૂતોના પ્રશ્નોનું નિવારણ લાવવાનો છે. તેમણે ભૂતકાળના અનુભવોને યાદ કરતા કહ્યું કે, વિપક્ષમાં રહીને માત્ર આંદોલનો અને નારેબાજી જ થઈ શકે છે, પરંતુ ખેડૂતોની સમસ્યાઓના કાયમી અને નક્કર ઉકેલ માટે સત્તામાં રહેવું જરૂરી છે.

તેમણે ઉમેર્યું હતું કે, ''હું મારો ચહેરો ચમકાવવા કે કોઈ પદ મેળવવા માટે ભાજપમાં નથી જોડાયો. જ્યારે હું જેલમાં હતો, ત્યારે જ મેં ખેડૂતોના હિતમાં સત્તાપક્ષ સાથે જોડાઈને કામ કરવાનો નિર્ણય લીધો હતો.'' રાજુ કરપડાએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ખેડૂતો માટે જે રાહત પેકેજો જાહેર કરવામાં આવ્યા છે તે પ્રશંસનીય છે. તેમણે અત્યંત મહત્વની સ્પષ્ટતા કરતા કહ્યું કે, ભાજપમાં જોડાવા પાછળ તેમની કોઈ પણ પ્રકારની ટિકિટની અપેક્ષા નથી.

તેમણે કહ્યું, હું અગાઉ જે પાર્ટીમાં હતો ત્યારે પણ ટિકિટની અપેક્ષા નહોતી અને અહીં પણ ટિકિટની કોઈ અપેક્ષા રાખ્યા વિના જોડાયો છું. ટિકિટ આપવી કે નહીં તે પાર્ટીનો આંતરિક નિર્ણય છે, મારો મુખ્ય ધ્યેય ખેડૂતોની સ્થિતિમાં સુધારો લાવવાનો છે. રાજુભાઈ ભાજપમાં જોડાતા ભાજપને શું ફાયદો થશે તે હવે જોવાનું રહ્યું.

# રાજકોટમાં અનેક વિસ્તારોમાં બોરના પાણી થયા દુષિત

### વોર્ડ નંબર ૧૨ માં દુષિત પાણી મુદ્દે મહિલાઓનો ''થાળી નાદ'' બાદ તંત્ર હરકતમાં: ૭૮ ઘરમાં તપાસ: ઝાડા ઉલ્ટીના દસ કેસ



રાજકોટ , તા. ૯

ઉનાળાની ઋતુને કારણે રાજકોટ શહેરમાં મોટા ભાગના બોર ઉંડા ઉતરી જતાં ઉપયોગમાં લેવામાં આવતા બોરના પાણી દુષિત બનવા લાગ્યા છે. વોર્ડ નંબર ૧૨મા પુનિત નગર પાણીના ટાંકા પાસે આવેલી આર્યમાન રેસિડન્સી સહિતની સોસાયટીઓમાં દુર્ગંધવાળું અને ઉલટી ઉબકાં થાય તેવા સ્વાદવાળું પાણી આવતું હોવાની ફરિયાદ સાથે રસ્તા પર ઉતરી આવી મહિલાઓએ થાળી વગાડી તંત્રને ઢંઢોળવાનો પ્રયત્ન કર્યો હતો. આ પછી તંત્ર હરકતમાં આવ્યું હતું અને, આર્યમાન રેસિડન્સી વિસ્તારમાં પાણીના ક્લોરિન ટેસ્ટ કરવામાં આવ્યા હતાં. જેમાં સોસાયટી દ્વારા કરવામાં આવેલા બોરમાં ભૂગર્ભ ગટરની લાઈન ભળી જવાનાં કારણે દૂર્ગંધ વાળું પાણી આવતું હોવાનું જાણવા મળ્યું હતું. મહાનગરપાલિકા દ્વારા થતા પાણી વિતરણની લાઈનમાં કોઈ ફોલ્ટ જણાયો નહોતો.

મહાનગરપાલિકા દ્વારા આર્યમાન રેસિડન્સીમા ૭૮ જેટલા ઘરમાં તપાસ કરવામાં આવી હતી જેમાં દુષિત પાણીના કારણે ઝાડા ઉલ્ટીના દસ કેસ જોવા મળ્યા હતા. આથી મહાનગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં ક્લોરિન ટેબ્લેટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે વોર્ડ નં ૧૨માં આવેલી આર્યમાન રેસિડન્સી સહિત આસપાસની સોસાયટીની મહિલાઓએ દુષિત પાણી મુદ્દે તંત્રની બેદરકારી સામે રોષ વ્યક્ત કરી થાળી વાટકા વગાડીને રોડ પર ઉતરી ચક્કાજામ સાથે વિરોધ વ્યક્ત કર્યો હતો.

મહિલાઓએ એવો આક્ષેપ કર્યો હતો કે પાણીમાં ગટરના દુર્ગંધ વાળા પાણી અને એસિડ જેવી ગંધ આવે છે અને લોકો ઝાડા ઉલ્ટી સહિતનાં રોગચાળાનો ભોગ બની રહ્યા છે.

જોકે પૂર્વ કોર્પોરેટર અને મેયર ડો. પ્રદિપ ડવે ભૂગર્ભ જળની કોઈ સમસ્યા ન હોવાનો બચાવ કર્યો હતો.

આ પછી મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા આર્યમાન રેસિડન્સીમાં પાણીની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં રહેવાસીઓ બોર બનાવી તેની લાઈન અને મહાનગર પાલિકા દ્વારા થતા પાણી વિતરણની લાઇન મારફત એક જ ટાંકામાં પાણી એકઠું કરી તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. તપાસ દરમિયાન બોરના તળ ઉંડા ઉતરી ગયા હોવાથી બોરનું પાણી દૂષિત બન્યું હતું. સાથોસાથ બોરની ખાનગી લાઈન સાથે ભૂગર્ભ ગટરની લાઈન ભળી જવાનાં કારણે આ સમસ્યા થઈ હતી. મહાનગરપાલિકાની પાઈપ લાઇનમાં કોઈ ક્ષતિ જણાય નહોતી.

હાલમાં ઉનાળાની ઋતુમાં ભૂગર્ભ જળ ઉંડા ઉતરી જતાં હોય બોરવેલના પાણી દુષિત બની રહ્યા છે.

આથી બોરવેલના પાણીનો પીવાં માટે ઉપયોગમાં લેતા પહેલા તેનું ક્લોરિનેશન કરવા, જો ટાંકામાં પાણી સંગ્રહ કરાતું હોય તો સમયાંતરે ટાંકામાં બ્લિચિંગ અને ક્લોરિન નાખી સ્વચ્છ કરવા શહેરીજનોને અનુરોધ કરવામાં આવ્યો છે. ઉનાળામાં બોરના તળ ઉંડા ઉતરી જતાં બોરવેલ ના ડાઉન સ્ટ્રીમમા વહેતાં કુદરતી પાણીનાં ઝરણાંને કારણે પાણીમાં બેક્ટેરિયા નું પ્રમાણ વધી જતું હોય ક્લોરિન યુક્ત પાણીનોજ વપરાશ કરવા શહેરીજનોને અનુરોધ કરવામાં આવ્યો છે

### ગત વર્ષની વાર્ષિક આવકમાં ૨૨૮ કરોડનો વધારો નોંધાયો : યુદ્ધના કારણે સ્થિતિ બદલાઈ

# માર્ચમાં રાજકોટ SGSTને ૭૧ કરોડનો ફટકો

રાજકોટ, તા. ૯

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર માટે જીએસટી આવકનો સૌથી મોટો સ્ત્રોત છે ત્યારે માર્ચ મહિનામાં રાજકોટ જીએસટી વિભાગની આવકમાં ઘટાડો નોંધાયો છે. તો બીજી તરફ ૨૦૨૫-૨૬ ની આવકમાં રાજકોટ જીએસટી વિભાગને તોતિંગ વધારો નોંધાયો છે. આવનારા દિવસોમાં હજુ પણ આ આવકમાં વધારો નોંધાશે તેવું સૂત્રો જણાવી રહ્યા છે. હાલ ઈરાન અમેરિકા યોજના કારણે ઉદ્યોગોને ઘણી મોટી અસર પહોંચી છે ત્યારે સ્થિતિ સામાન્ય થતા અને ઉદ્યોગ ફરી બેઠો તથા રાજકોટ જીએસટી વિભાગની આવકમાં વધારો નોંધાશે તેવું સૂત્રો જણાવી રહ્યા છે.

રાજકોટ જીએસટી વિભાગની માસિક આવકમાં ઘટાડો નોંધાયો છે. તો બીજી તરફ વાર્ષિક આવકમાં મોટો વધારો નોંધાયો છે. આ અંગેની રાજકોટ જીએસટી વિભાગનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ગત માર્ચ મહિનામાં રાજકોટ વિભાગની માસિક આવકમાં રૂા.૭૧ કરોડનો મોટો ઘટાડો નોંધાયો હતો. તો બીજી તરફ વર્ષ ૨૦૨૫-૨૬ની આવકમાં રૂા.૨૨૮ કરોડનો જંગી વધારો પણ નોંધાયો છે.

જીએસટી વિભાગના સતાવાર વર્તુળોનાં જણાવ્યા મુજબ ગત ફેબ્રુઆરી માસમાં રાજકોટ જીએસટી વિભાગને રૂા.૨૮૦ કરોડની આવક થવા પામી હતી. તો, ગયા માર્ચ માસમાં આવકમાં રૂા.૭૧ કરોડનો આશ્ચર્યજનક રીતે ફટકો પડ્યો હતો. ગયા માર્ચમાં રાજકોટ વિભાગની આવક રૂા.૨૦૯ કરોડ, જ થવા પામી હતી.

વધુમાં સૂત્રોના જણાવ્યા મુજબ વર્ષ-૨૦૨૫-૨૬માં રાજકોટ જીએસટી વિભાગને રૂા.૩૧૦૮ કરોડની આવક થવા પામી હતી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષ ૨૦૨૪-૨૫માં રાજકોટ વિભાગને રૂા.૨૮૭૯ કરોડની વાર્ષિક આવક થવા પામી હતી. આમ વર્ષ ૨૦૨૫-૨૬માં રાજકોટ વિભાગને રૂા.૨૨૮ કરોડની વધુ આવક થવા પામી હતી અને વાર્ષિક આવકમાં ૭.૯૩ ટકાનો વધારો નોંધાયો છે. હાલ આવનારા દિવસોમાં સર્ચ ઓપરેશન પણ હાથ ધરવામાં આવશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું જેના કારણે હજુ પણ સરકારની



તિજોરીમાં જીએસટીની આવક વધુ નોંધાશે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ હાલ ઉદ્યોગકારોમાં પણ ઉદ્યોગમાં સ્થિરતા આવે તે પ્રકારની માંગણી સરકાર સમક્ષ કરવામાં આવી રહી છે. ઉદ્યોગ ના હોય તો જીએસટી મેળવવો પણ એટલો જ તંત્ર માટે કપરો સાબિત થતો હોય છે ત્યારે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હાલ આવનારા દિવસોમાં સ્થિતિ ફરી સામાન્ય થાય તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રશાસન સજ્જ

### ૧૧,૦૦૦ કર્મચારીઓને ચૂંટણી ફરજના ઓર્ડર : આજથી ઉમેદવારી ફોર્મ ભરવામાં ઘસારો



રાજકોટ, તા. ૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ને ધ્યાને લઈ હાલ રાજકીય પક્ષોની સાથો સાથ સ્થાનિક પ્રશાસન અને વહીવટી વિભાગ પણ દરેક તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યું છે. હાલ પ્રશિક્ષણ વર્ગ પણ શરૂ થઈ ચૂક્યા હોય તેવું જાણવા મળ્યું છે. ૨૬ તારીખે યોજાનારી ચૂંટણીમાં મતદારો ભયમુક્ત વાતાવરણમાં મતદાન કરી શકે તે માટે રાજ્ય ચૂંટણી આયોગ અને કલેક્ટર તંત્ર તૈયારીઓને આખરી ઓપ આપી રહ્યા છે. ગત તા.૬ એપ્રિલના સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ કરાયા બાદ ત્રણ દિવસમાં જેતપુર, ઉપલેટા અને ધોરાજી તાલુકા પંચાયતની ૯ અને જીલ્લા પંચાયતની બે બેઠક ઉપર મૂરતીયાઓએ નામાંકન પત્ર ગઈકાલ સુધીમાં ચૂંટણી અધિકારી સમક્ષ સબમીટ કરાવેલ હતા.

જોકે રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની બેઠકો માટે મૂરતીયાઓની પ્રથમ યાદી પ્રસિધ્ધ થયા બાદ બાકી રહેતા દાવેદારોના નામોની યાદી પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. ભાજપ તથા કોંગ્રેસના ઉમેદવારો મેદાનમાં આવતા જ નામાંકન પત્રો ભરવામાં મૂરતીયાઓનો ધસારો થશે. જયારે બીજી તરફ કલેકટર તંત્ર દ્વારા આ ચૂંટણીના પ્રિસાઈન્ડીંગ પોલીંગ ઓફીસરો સહિતના સ્ટાફને ચૂંટણીની તાલીમ આપી સજ્જ કરવામાં આવી રહ્યા છે તેની સાથોસાથ ચૂંટણી ફરજમાંથી મુકિત મેળવવા માટે કર્મચારીઓ દ્વારા અધિકારીઓ ઉપર ભલામણોનો દોર શરૂ થવા પામેલ છે. કલેકટર તંત્ર દ્વારા વોટીંગ મશીનોના ડીસ્પેચીંગ રીસીવીંગ સેન્ટરો તેમજ મત ગણત્રી કેન્દ્રો નિયત કરી દેવામાં આવેલ છે.

ઉમેદવારી ફોર્મ સ્વીકારવા માટે અંતિમ તારીખ ૧૧ નિયત કરવામાં આવી હોય જેને આડે હવે માત્ર બે દિવસ જ બાકી રહ્યા હોય આવતીકાલથી નામાંકન પત્ર ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવામાં કરંટ પકડાશે. જે બાદ તા.૧૩ એપ્રિલના ઉમેદવારી પત્રોની ચકાસણી કરાશે. જયારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ તા.૧૫ નિયત કરવામાં આવી છે.

ચૂંટણી પ્રક્રિયા સૂપેરે પાર પડે તે માટે ૧૧૦૦૦ જેટલા કર્મચારીઓના ચૂંટણી ફરજ માટે ઓર્ડરો ઈશ્યુ કરવામાં આવેલ છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે, રાજકોટ મ્યુનિ. કોર્પો.ની ચૂંટણીમાં ૧૦૧૪ મતદાન મથકો માટે ૧૧૬૩ સીયુ, ૨૩૫૬ બીયુ (વોટીંગ મશીન), જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીના ૨૦૨ મતદાન મથકો માટે ૨૬૭૫ સીયુ અને ૨૬૭૫ બીયુ, અને ગોંડલ નગરપાલિકાની ચૂંટણીના ૮૬ મતદાન મથકો માટે ૧૧૩ સીયુ અને ૨૨૬ બીયુનો ઉપયોગ થશે.

# ઋષિવાટિકાના રહેવાસીઓની ચૂંટણીના બહિષ્કારની ચીમકી



### દારૂ સહિતના અનેકવિધ પ્રશ્ન રહેવાસીઓએ ઠાલવ્યો રોષ

રાજકોટ, તા. ૯

મહાનગરપાલિકાની ગત ટર્મમાં અનેકવિધ પ્રશ્નો ભાજપના પદાધિકારીઓએ સહન કરવા પડ્યા હતા. અને વિવિધ સોસાયટીઓમાં ક્યાંકને ક્યાંક નગરસેવકોની કામગીરીથી ઉહાપો પણ મચી ગયો હતો. ત્યારે આવનારા ટર્મમાં નવા ચુંટાતા નગરસેવકો પાસેથી હાલ લોકોએ એક જ અપેક્ષા રાખી છે કે તેઓને જે પાયાના પ્રશ્નો સતાવી રહ્યા છે તેનું તાકીદે નિવારણ લાવવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉદભવિત ન થાય. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ ગઈકાલે ઋષિવાટીકાના લોકો રસ્તા પર ઉતરી ગયા હતા અને રોષ ઠાલવ્યો હતો.

રહેવાસીઓએ એ વાત ઉપર ભાર મુકતા જણાવ્યું હતું કે તેમના વિસ્તારમાં દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે ત્યારે અનેકવિધ વખત રજૂઆત કરવા છતાં તે દૂષણ દૂર થઈ શક્યું નથી જેથી નવી બોડી સર્વપ્રથમ આ પ્રશ્નનું નિવારણ લાવે તે ખૂબ જરૂરી છે. રહેવાસીઓએ સોસાયટીના પ્રવેશદ્વાર પર 'દેશી દારૂની પોટલી આ તરફ મળે છે' અને 'રાજકીય પક્ષોએ આ વિસ્તારમાં પ્રવેશ ન કરવો' તેવા લખાણ સાથેના બેનરો લગાવીને તંત્ર અને રાજનેતાઓ સામે બાયો ચડાવી છે. રહીશોનો સ્પષ્ટ આક્ષેપ છે કે અનેક રજૂઆતો કરવા છતાં પોલીસ કે નેતાઓ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના કારણે હવે તેઓએ એકસૂરે ચૂંટણી બહિષ્કારનો મક્કમ નિર્ધાર કર્યો છે.

બનાવની વધુ વિગતો જોઈએ તો,ઋષિવાટિકા સોસાયટીની આસપાસ આવેલા ખુલ્લા પટ્ટ અને ઝુપડપટ્ટી વિસ્તારમાં ખુલ્લેઆમ દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. સ્થાનિક મહિલાઓના જણાવ્યા અનુસાર, રાત્રિના ૮ વાગ્યા પછી સ્થિતિ એટલી ખરાબ થઈ જાય છે કે દારૂડિયાઓ રસ્તા પર આડા પડ્યા હોય છે અને બિભત્સ ગાળાગાળી કરતા હોય છે. રહેવા સિવાય જણાવ્યું હતું કે આ અંગે અનેક વખત પોલીસ તંત્રને પણ રજૂઆત કરવામાં આવેલી છે છતાં કોઈ નક્કર પરિણામ આવ્યું નથી જેથી ચૂંટણીમાં મત કોને આપવો તે પણ સૌથી મોટો અને વિકટ પ્રશ્ન સાબિત થયો છે.

ઉપસ્થિત રહેવાસીઓએ નેતાઓને માત્ર ચૂંટણી સમયે મત માગવા આવતા હોય તે પ્રકારના અનેકવિધ આક્ષેપો કર્યા હતા. ત્યારે ઋષિવાટીકાના રહેવાસીઓએ ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરી જણાવ્યું હતું કે તેઓ ચૂંટણીનો બહિષ્કાર કરશે.

ઋષિ વાટિકાના રહીશોએ જણાવ્યું છે કે તેઓએ અગાઉ અનેકવાર પોલીસ તંત્ર અને સ્થાનિક કોર્પોરેટરોને લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. છતાં પણ દારૂ વેચનારાઓ અને પીનારાઓ પર કોઈ લગામ લગાવી શકાય નથી. રહીશોના મતે, નેતાઓ માત્ર મતની રાજનીતિમાં વ્યસ્ત છે અને જનતાની મૂળભૂત શાંતિ છીનવાઈ રહી છે. જો આગામી દિવસોમાં આ અડ્ડાઓ બંધ કરવામાં નહીં આવે તો સમગ્ર વિસ્તારના લોકો મતદાન મથક સુધી નહીં જઈને લોકશાહી ઢબે પોતાનો વિરોધ પ્રદર્શિત કરશે. આ બનાવમાં લાતાવાસીઓએ ચુંટણીનો બહીષ્કાર કરતા બેનરો માર્યા હતાં અને કોઈપણ રાજકીય પાર્ટીએ મત માંગવા આવવું નહીં તેવું સોસાયટીના રહીશોએ જણાવ્યું હતું.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# આપ'ની અવદશા

## ઉમેદવારો મળતા નથી, માત્ર હાકલા પડકારા છે




ગુજરાતના રાજકીય ફલક પર ત્રીજા પક્ષ તરીકે ઉભરી આવવાના બણગા ફૂંકતી આમ આદમી પાર્ટી અત્યારે અત્યંત દયનીય અને કંગાલ સ્થિતિમાંથી પસાર થઈ રહી છે. જે પક્ષ એક સમયે પપરિવર્તનપના મોટા મોટા વાયદા કરતો હતો, તે આજે રાજ્યમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ફાંફા મારી રહ્યો હોય તેમ જણાય છે. નક્કર નેતાગીરીના સદંતર અભાવે પક્ષ પાસે પાયાનું સંગઠન કે મજબૂત નેટવર્ક પણ બચ્યું નથી. માત્ર સોશિયલ મીડિયા પર ગપ્પાં મારીને ગુજરાત જીતી લેવાની વાતો કરવી એ પક્ષની ગંભીર નબળાઈ અને વૈચારિક શૂન્યતા દર્શાવે છે.

રાજુ કપરાડા જેવા ધુરંધર નેતાએ આ સ્થિતિથી કંટાળીને પક્ષ તોડી દીધો છે. તાજેતરમાં બહાર આવેલા ઈસુદાન ગઢવીના કથિત ઓડિયો ક્લિપ બાદ પક્ષની પોલ ઉઘાડી પડી ગઈ છે. આ ઓડિયો સૂચવે છે કે પક્ષ પાસે હવે મેદાનમાં ઉતારવા માટે સક્ષમ ઉમેદવારો પણ નથી. કાર્યકરો તો ઠીક, પક્ષની ટિકિટ લેવા માટે કોઈ ગંભીર ચહેરો તૈયાર નથી, જે પઆપપની રાજકીય પતન તરફની ગતિ દર્શાવે છે.

પક્ષના એક-બે કથિત નેતાઓ એર-કન્ડિશન્ડ ઓફિસોમાં બેસીને માત્ર નિવેદનોની રમત રમી રહ્યા છે. જનતાના પાયાના પ્રશ્નો ઉકેલવામાં કે લોકોનો વિશ્વાસ જીતવામાં આ નેતાગીરી સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ છે. તેઓ જાણે લોકસેવાને બદલે રાજનીતિની કોઈ ખાનગી પદૂકાનપ ચલાવતા હોય તેવું ચિત્ર જનતા સમક્ષ ઉપસી રહ્યું છે.

ગુજરાતી મતદારો હવે સમજી ગયા છે કે આ પક્ષનો મુખ્ય ઉદેશ માત્ર મતો તોડવાનો જ છે. લોકશાહીમાં જ્યારે કોઈ પક્ષ માત્ર વિરોધ મતો કાપીને અન્યને ફાયદો કરાવવા મેદાનમાં ઉતરે, ત્યારે તેની વિશ્વસનીયતા જોખમાય છે. પઆપપની કાર્યપદ્ધતિ જોતા લાગે છે કે તેમને જનતાના હિત સાથે કોઈ લેવાદેવા નથી. માત્ર મફતની રેવડીઓ વહેંચવાના વાયદા કરીને ગુજરાતના લોકોને લલચાવવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો છે. આ પક્ષે લોકોમાં જરાપણ વિશ્વાસ જગાડ્યો નથી, ઉલટું ભ્રમ પેદા કર્યો છે.

ગુજરાતીઓએ ચેતવા જેવી સ્થિતિ છે. જે પક્ષ પાસે પૂરતું કાર્યકર બળ નથી કે જેની પાસે યોગ્ય ઉમેદવારોની યાદી નથી, તે પક્ષ ગુજરાતના ભવિષ્યનું નિર્માણ કેવી રીતે કરી શકે? આંતરિક વિખવાદ અને સત્તાની લાલસામાં ડૂબેલી આ ટોળકી માત્ર રાજકીય અસ્થિરતા ઉભી કરવા માંગે છે. લોકોના પ્રશ્નોને નેવે મૂકીને એસી ચેમ્બરમાંથી રાજનીતિ ચલાવતા નેતાઓને ગુજરાતની જનતા આગામી સમયમાં જડબાતોડ જવાબ આપશે તેવિં લાગે છે. પઆપપની આ અવદશા એ વાતનું પ્રમાણ છે કે ખોટા પાયા પર ઉભી થયેલી ઈમારત લાંબો સમય ટકી શકતી નથી. હવે સમય આવી ગયો છે કે જનતા આવા તકવાદી રાજકારણથી સાવધ રહે.

# ભારત અલગ જ પીચ ઉપર કરે છે રાજકીય બેટિંગ

## પાકિસ્તાન અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ લાવવા કરી રહ્યું છે મથામણ ત્યાં ભારત પાકિસ્તાનના દુશ્મન દેશો સાથે વધારી રહ્યું છે મિત્રતા

નવીદિલ્હી, તા. ૯

પાકિસ્તાન, જે પોતે એક અસ્થિર દેશ છે, તે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ લાવવા માટે કામ કરી રહ્યું છે. યુદ્ધવિરામ પછી, ઇસ્લામાબાદ બંને દેશોના નેતાઓનું સ્વાગત કરવા માટે તૈયાર છે, આ પગલાને પાકિસ્તાન એક મોટી સફળતા માને છે. દરમિયાન, ભારત એક અલગ પીચ પર રમી રહ્યું છે. ભારત એવા દેશો સાથે ગાઢ સંબંધો વિકસાવી રહ્યું છે જેની સાથે પાકિસ્તાન ગાઢ મિત્રતા ધરાવે છે. આ દેશોમાં અઝરબૈજાન, બાંગ્લાદેશ, તુર્કી અને સંયુક્ત આરબ અમીરાત (ગઅઊ)નો સમાવેશ થાય છે. જ્યારે ભારતે ગઅઊ સાથે સારા સંબંધોનો આનંદ માણ્યો છે, ત્યારે શેખ હસીનાની હકાલપટ્ટી પછી બાંગ્લાદેશના સંબંધોમાં ઉતાર-ચઢાવ આવ્યો છે. અઝરબૈજાન અને તુર્કી સાથે ભારતના સંબંધો ઓછા સૌહાર્દપૂર્ણ રહ્યા છે. તુર્કી મુસ્લિમ દેશોમાં પોતાને નેતા તરીકે દર્શાવવા માટે કાશ્મીર મુદ્દો ઉઠાવે છે, જ્યારે અઝરબૈજાન પાકિસ્તાનની સાથે છે. બાંગ્લાદેશના વિદેશ પ્રધાન ખલીલુર રહેમાને ભારતની મુલાકાત લીધી. તેમણે વિદેશ પ્રધાન એસ. જયશંકર સાથે મુલાકાત કરી. જયશંકરે રહેમાનને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવાની ભારતની ઇચ્છા વ્યક્ત કરી. તેમની મુલાકાતમાં, જયશંકર અને રહેમાને બાંગ્લાદેશની વચગાળાની સરકારના કાર્યકાળ દરમિયાન અસ્તિત્વમાં રહેલા તણાવને પાછળ છોડીને સહકાર માટે નવો માર્ગ કેવી રીતે બનાવવો તેની વિગતવાર ચર્ચા કરી. બાંગ્લાદેશમાં સંસદીય ચૂંટણીઓ પછી ફેબ્રુઆરીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (ઈગઙ) સત્તામાં આવ્યા પછી નવી સરકારના કોઈ વરિષ્ઠ સભ્યની આ પહેલી ઉચ્ચ-સ્તરીય ભારત મુલાકાત છે. રહેમાનને મળ્યા બાદ જયશંકરે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું, નસ્ત્રઅમે વિવિધ પાસાઓમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાના પગલાંની ચર્ચા કરી. અમે પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું. અમે નજીકના સંપર્કમાં રહેવા સંમત થયા.સ્ત્રસ્ત્ર



રહેમાનની મુલાકાત સાથે, ભારત અને બાંગ્લાદેશ તેમના સંબંધોને ફરીથી સ્થાપિત કરી રહ્યા છે. અગાઉ, યુનુસના કાર્યકાળ દરમિયાન, બાંગ્લાદેશે પોતાનું ધ્યાન પાકિસ્તાન તરફ વાળ્યું હતું. યુનુસ અને શાહબાઝ મિત્રતાને મજબૂત બનાવવા માટે કામ કર્યું હતું, પરંતુ હવે ઢાકામાં નવી સરકાર સત્તામાં આવી છે અને નવી દિલ્હી સાથે સંબંધો સુધારવા માટે કામ કરી રહી છે. ભારત અને તુર્કી દ્વિપક્ષીય સંબંધોને પુનઃસ્થાપિત કરવા માટે કામ કરી રહ્યા છે. બંને દેશોના અધિકારીઓએ બુધવારે (૮ એપ્રિલ) ૧૨મા રાઉન્ડના વિદેશ કાર્યાલય પરામર્શ (ત્ર્જ્ઞઈ)નું આયોજન કર્યું. તુર્કીના નાયબ વિદેશ પ્રધાન બારિશ અકિન્સી અને વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) સિબી જ્યોર્જના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળો વચ્ચે દિલ્હીમાં આ વાટાઘાટો ૨૦૨૨ માં અંકારામાં છેલ્લા રાઉન્ડની વાતચીતના ચાર વર્ષ પછી થઈ હતી.

કાશ્મીર પર તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગનના અનેક નિવેદનોને કારણે બંને દેશો વચ્ચેના સંબંધો વણસ્યા છે, અને ગયા મે મહિનામાં નસ્ત્રઓપરેશન સિંદૂરસ્ત્રસ્ત્ર સંઘર્ષ દરમિયાન તુર્કીના પાકિસ્તાનને લશ્કરી સમર્થનથી આ તણાવ વધુ વકર્યો હતો. અઝરબૈજાન પાકિસ્તાનનો સારો મિત્ર છે અને ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને ખુલેઆમ ટેકો આપ્યો હતો. મધ્ય પૂર્વ કટોકટી દરમિયાન તે જ અઝરબૈજાને ભારતના લોકોને નોંધપાત્ર સહાય પૂરી પાડી છે. ઈરાનમાં ફસાયેલા ૨૧૫ ભારતીયોને અઝરબૈજાન દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા. ભારતે આ માટે અઝરબૈજાનનો આભાર માન્યો હતો. અઝરબૈજાનના વિદેશ પ્રધાન જેહુન બાયરામોવ અને અઝરબૈજાનમાં ભારતના નવનિયુક્ત રાજદૂત અભય કુમાર વચ્ચે બાકુમાં થયેલી બેઠક દરમિયાન આ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર દરમિયાન અઝરબૈજાન પાકિસ્તાનની સાથે ઊભું હતું. અઝરબૈજાનના આ પગલાથી ભારતના લોકોમાં વિરોધ થયો. સોશિયલ મીડિયા પર નસ્ત્રબહિષ્કાર અઝરબૈજાનનસ્ત્ર અભિયાન પણ ઉભરી આવ્યું. અઝરબૈજાનનો બહિષ્કાર કરવાના કોલ બાદ, ટ્રાવેલ બુકિંગ પોર્ટલોએ બુકિંગમાં તીવ્ર ઘટાડો અને રદ કરવામાં વધારો નોંધાવ્યો છે. વિદેશ મંત્રી એસ. જયશંકર આ મહિનાની ૧૧ થી ૧૨ તારીખ સુધી સંયુક્ત આરબ અમીરાત (ગઅઊ) ની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન, જયશંકર બંને દેશો વચ્ચેના ગાઢ સહયોગની સમીક્ષા કરવા અને નસ્ત્રવ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીસ્ત્રસ્ત્ર ને વધુ ગાઢ બનાવવા માટે ગઅઊ ના નેતૃત્વ સાથે મુલાકાત કરશે. ગઅઊ એ એવા દેશોમાંનો એક છે જેણે ભારત અને પાકિસ્તાન બંને સાથે સારા સંબંધોનો આનંદ માણ્યો છે.

જયશંકરની મુલાકાતનો હેતુ વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવાનો અને યુએસ-ઈરાન યુદ્ધવિરામ પછી પ્રાદેશિક સ્થિરતાની ચર્ચા કરવાનો છે. મુખ્ય ઉદ્દેશ્યોમાં હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા ઊર્જા પ્રવાહને સુરક્ષિત કરવાનો, યુદ્ધવિરામની સમીક્ષા કરવાનો અને ભારતીય નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે.

# બંગાળમાં ભાજપની લહેર છે, નિર્દય સરકાર જવાની તૈયારીમાં : મોદી

## તૃણમૂલ કોંગ્રેસના શાસનને સિન્ડિકેટ દ્વારા સંચાલિત સરકાર ગણાવી

નવીદિલ્હી, તા. ૯

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે તૃણમૂલ કોંગ્રેસના શાસનને સિન્ડિકેટ દ્વારા સંચાલિત સરકાર ગણાવી હતી, જ્યાં કાપ મૂક્યા વગર કોઈ વિકાસ કાર્ય કે રોકાણ આગળ વધી શકતું નથી. અહીં એક જાહેર રેલીને સંબોધતા, વડા પ્રધાને અન્ય ભાજપ શાસિત રાજ્યોમાં થયેલા વિકાસ વિશે વાત કરી અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે જો પક્ષ સત્તામાં આવશે તો પશ્ચિમ બંગાળ પણ તે જ હાંસલ કરી શકશે. પીએમ મોદીએ કહ્યું કે બંગાળમાં ભાજપની લહેર છે અને ભવાનીપુરની સ્થિતિ નંદીગ્રામ જેવી થશે. પીએમએ ભાર મૂક્યો કે નિર્દય સરકાર જવાની છે, બંગાળ પરિવર્તનના માર્ગ પર છે, અને આ ચૂંટણી વિકસિત બંગાળ બનાવવા માટે છે. વડા પ્રધાને કહ્યું કે સમગ્ર બંગાળમાં પરિવર્તનનું વાવાઝોડું છે.

મમતા બેનર્જી સરકાર પર નિશાન સાધતા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે ટીએમસી બંગાળને નીચે ખેંચી રહી છે. આ સરકાર હેઠળ ઘૂસણખોરો ફૂલીફાલી રહ્યા છે. તેમણે કહ્યું કે મમતા બેનર્જીની



સરકાર ભય પેદા કરે છે. ભાજપ સત્તામાં છે તેવા અન્ય રાજ્યોના ઉદાહરણો આપતા નરેન્દ્ર મોદીએ કહ્યું કે જે રાજ્યોમાં ભાજપ સત્તામાં છે ત્યાં વિશ્વાસ જગાડે છે કે આપણે બંગાળમાં પણ એવો જ વિકાસ હાંસલ કરીશું અને આત્મવિશ્વાસ સાથે, આપણે ભયને દૂર કરીશું. પીએમએ વધુમાં જણાવ્યું હતું કે ખાનગી ક્ષેત્રનો નાશ થઈ ગયો છે, ખાનગી ક્ષેત્રમાં કોઈ નોકરીઓ નથી, અને જે થોડા છે તે પણ ઘુસણખોરોને સોંપી દેવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની ચૂંટણી રેલીમાં ટીએમસી પર અનેક ગંભીર આરોપો લગાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ટીએમસીના મંત્રીઓ લૂંટ ચલાવી રહ્યા છે. જો ભાજપ સરકાર સત્તામાં આવશે, તો દરેકને તેમનો હક મળશે. તેમણે કહ્યું હતું કે ટીએમસી આગામી ૧૦૦ વર્ષ સુધી તેના પાપો ધોઈ શકશે નહીં. નસ્ત્રઅમારી સરકારમાં કોઈ કાપ અને કમિશન નથી,સ્ત્રસ્ત્ર તેમણે કહ્યું. તેમણે અનામતના મુદ્દાને પણ સંબોધિત કરતા કહ્યું હતું કે ટીએમસીમાં ધર્મના આધારે અનામત આપવામાં આવે છે. પશ્ચિમ બંગાળમાં ટીએમસી સરકાર પર નસ્ત્રસિન્ડિકેટ શાસનનસ્ત્ર અને નસ્ત્રકટ મનીસ્ત્રસ્ત્રનો આરોપ લગાવતા વડા પ્રધાન મોદીએ કહ્યું કે આ બંગાળના વિકાસમાં અવરોધ ઉભો કરી રહ્યું છે. ભાજપ શાસિત રાજ્યોના વિકાસનો ઉલ્લેખ કરતા, તેમણે બંગાળમાં પણ પરિવર્તન અને વિકાસનું વચન આપ્યું હતું.

# ટ્રમ્પની ભાષા કોઈને શોભા ન દયે



ઓમર અબ્દુલ્લાએ અમેરિકન રાષ્ટ્રપતિ પર આકરા પ્રહારો કર્યા

નવીદિલ્હી, તા. ૯

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ઈરાન સાથેના યુદ્ધ અંગે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર નિશાન સાધ્યું છે. તેમણે પૂછ્યું કે યુદ્ધથી અમેરિકા અને દુનિયાને શું મળ્યું. તેમણે કહ્યું કે ટ્રમ્પને ઇઝરાયલને નિયંત્રિત કરવાની જરૂર છે જેથી તે લેબનોન પર હુમલો ન કરે. તેમણે ટ્રમ્પની ભાષા પર પણ સવાલ ઉઠાવતા કહ્યું કે આવી ભાષાનો ઉપયોગ રાષ્ટ્રપતિને શોભતો નથી. તે કોઈને શોભતો નથી. ઓમર અબ્દુલ્લાએ કહ્યું, નસ્ત્રમેં તાજેતરમાં કહ્યું હતું કે અમેરિકન રાષ્ટ્રપતિના નિવેદનો અસ્પષ્ટ છે. મને લાગે છે કે તેઓ પોતે જાણતા નથી કે તેઓ શું કરી રહ્યા છે. તેઓ સવારે એક વાત કહે છે, બપોરે બીજી વાત કહે છે અને સાંજે ત્રીજી વાત કહે છે. હું કહું છું કે તેઓ જે પ્રકારની ભાષા વાપરે છે તે કોઈને શોભતી નથી, અમેરિકન રાષ્ટ્રપતિને તો છોડી દો.સ્ત્રસ્ત્ર

મુખ્યમંત્રીએ કહ્યું કે ટ્રમ્પે યાદ રાખવું જોઈએ કે તેઓ યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ છે. જો આપણે સોશિયલ મીડિયા પર તમે અને હું જે પ્રકારની અપશબ્દોનો ઉપયોગ કરીએ છીએ, તો તેઓ અમને બ્લોક કરશે. તેઓ અમારા એકાઉન્ટ સીઝ કરશે. તેઓ અમને ફેસબુક અને ટ્વિટર વગેરેથી પ્રતિબંધિત કરશે. તેઓ યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ છે, લોકો ડરે છે, તો કોઈ કાર્યવાહી કેમ ન કરી શકાય? આ વારંવાર ધમકી કેમ આપવામાં આવી રહી છે? ઓમર અબ્દુલ્લાએ ટ્રમ્પ પાસે યુદ્ધ પાછળનો હેતુ સમજાવવાની માંગણી કરી? હવે, યુદ્ધવિરામ પછી, અમેરિકાએ દાવો કર્યો કે તેમને હોર્મુઝ સ્ટ્રેટ ખોલીને મોટી સફળતા મળી છે. તે પહેલાથી જ બધા માટે ખુલ્લું અને મફત હતું. આ યુદ્ધ પછી, ઈરાનને તક મળી અને હવે તે ટોલ ટેક્સ વસૂલ કરી રહ્યું છે. તો શું પ્રાપ્ત થયું?

નેશનલ કોન્ફરન્સના નેતાએ કહ્યું કે ટ્રમ્પે ઇઝરાયલને નિયંત્રિત કરવું પડશે. જે રીતે તે લેબનોન પર બોમ્બમારો કરી રહ્યું છે, જે રીતે નિર્દોષ લોકોને મારી રહ્યા છે, શું તમને લાગે છે કે યુદ્ધવિરામ થશે? જો યુદ્ધવિરામ નિષ્ફળ જાય છે, તો તે ઈરાનની ભૂલ નહીં હોય; તે ફક્ત ઇઝરાયલની ભૂલ હશે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પે યાદ રાખવું જોઈએ કે તેઓ યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ છે. તેઓ જે ભાષા વાપરે છે તે કોઈને પણ શોભતી નથી. ઓમર અબ્દુલ્લાએ એવી પણ માંગણી કરી કે ટ્રમ્પ યુદ્ધ પાછળનો હેતુ સમજાવે અને તેનાથી અમેરિકાને શું મળ્યું.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ઈશા ઉપનિષદમાં ઇશ્વરને સર્વ નિર્માતા અને સ્વયંને નિમિત્ત માત્ર માનવાનો ઈશારો કર્યો છે.



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ચિંતનની ધારા સોમથી રવિવાર સુધી નક્કી કરાયેલાં જુદાં જુદાં વિષય આસપાસ વહે છે, અને સાંપ્રત સમયમાં તનાવ ભરેલાં સૌના જીવનને સદગુરુ કૃપા થકી અજવાળાં પ્રદાન કરવાં નિઃસ્વાર્થ અને નિષ્પક્ષ કોશિશ કરે છે. ચિંતનની ક્ષણેનાં ખૂબ ચાહકો છે, અને ખૂબ બધાં પ્રતિભાવ પણ આવે છે, કે આપણી સનાતન સંસ્કૃતિનાં મર્મ સમજાવતાં આપનાં આધ્યાત્મિક લેખોની શૈલી ખરેખર બહુ સરળ હોય છે, તો આપ એની પર વધુ પ્રકાશ પાડો! લેખ માટે કાયમ સદગુરુ કૃપા જ મુખ્ય બળ છે, એટલે જેમ પ્રેરણા થશે એમ લખાશે. ક્યારેક ક્યારેક એવું લાગે કે આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિ એનાં વૈદિક શાસ્ત્રોમાં કહેવાયેલી વાતને ન સમજી શકવાને કારણે જ વધુ જટિલ બની છે! આપણે ત્યાં ઈશ્વરને સાકાર અને નિરાકાર બંને સ્વરૂપે માનવામાં આવે છે, અને આ ઉપરાંત અદ્વૈત, દ્વૈત, વિશિષ્ટ દ્વૈત, શુદ્ધાદ્વૈત અને એમાં પણ કેટલુંય! મનુષ્યનાં જીવન માટે ચાર વેદ પણ અહીં ઉપલબ્ધ છે, આ ઉપરાંત શિવ પુરાણ દેવી પુરાણ જેવાં અઢાર પુરાણનાં ગ્રંથો! તેની સંહિતાઓ અને તેની પરનાં ટીકા ટીપ્પણી કે ભાષ્યો! આ બધું અધ્યાત્મનાં વિષયને વધુને વધુ ગહન બનાવતું જાય છે. યુગો યુગોથી માનવી સાધનાને નામે એમાં અટવાતો જાય, પણ અંતે જ્યારે કંઈ પ્રાપ્ત કરે, ત્યારે એને એવું થાય, કે કેટલી સરળ પદ્ધતિ હતી! એને મેં આટલી જટિલ શું કામ બનાવી? પરંતુ હિન્દુ સંસ્કૃતિની એક વિશેષતા એ રહી કે સંસારીઓને મુક્તિ માટે ઘર પરિવાર છોડી હિમાલય કે અન્ય પર્વતોની ગિરિકંદરામાં જવાનું નથી, સંસારમાં રહી સંસારનાં વ્યવહારો નિભાવતાં નિભાવતાં પણ એ પરમ તત્વને પામી શકે છે, સાક્ષાત્કાર કરી શકે છે! વેદનાં સાર કહેવાતાં ઉપનિષદીય સૂત્રો જીવનમાં ઉતારીને જીવનને એક નિશ્ચિત આયામ સુધી દોરી જઈ શકાય છે. વેદોનાં સારને ઉપનિષદ કહેવાય છે, ઉપનિષદનો અર્થ બાપુ બહુ સરસ કરે છે કે, એષ ઉપદેશ.. એષ આદેશ.. આમ તો ઉપનિષદનાં મુખ્ય દસ જ ભાગ બતાવાયા છે, પરંતુ પેટા વિભાગમાં વહેંચવામાં આવે તો ૧૦૮ ઉપનિષદ છે. સૌથી પહેલું ઉપનિષદ ઈશા ઉપનિષદ છે, અને એનો પ્રથમ શ્લોક આપણી સંસ્કૃતિનો પાયો છે, એમ કહી શકાય, તો એને વિશે ચિંતન કરીશું.

** ઈશા ઉપનિષદ**

ઈશા વાસ્યમિદં સર્વં યત્કિં ચ જગત્યાં જગત
તેન ત્યક્તેન ભુંજીથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્ ય ૧ ય

શુક્લ યજુર્વેદના ૪૦ માં અધ્યાય તરીકે ઈશા ઉપનિષદનો સંદર્ભ ટંકાયેલો છે. માત્ર ૧૮ શ્લોકનાં આ નાનકડા ઉપનિષદમાં બહુ મોટી વાત કહેવામાં આવી છે. આમ તો દરેક ઉપનિષદ નો આરંભ અને અંત બેય શાંતિ મંત્રથી કરવામાં આવે છે, એટલે કે સાધક મૂળ મુદ્દે શાંતિની શોધ માટે જ આધ્યાત્મક પાથ પર યાત્રા કરે છે. વિશ્વની શાંતિ ઈચ્છીએ છીએ તો પહેલા ખુદ એટલે કે સ્વયંનું શાંત થવું પણ એટલું જ જરૂરી છે, અને તેથી આજના ચિંતનમાં આ વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે! આ શ્લોકનાં ગૂઢાર્થને સમજવામાં આવે તો મોટાભાગનાં સાંસારિક ઝઘડાઓ સમાપ્ત થઈ જાય.

આ ઉપનિષદનાં પ્રથમ શ્લોકમાં ઈશ્વર તત્વની વાત કરવામાં આવી છે, અને કહેવામાં આવ્યું છે કે જડ અને ચેતન એમ જગતની ઉત્પત્તિનાં તમામ કારણોમાં ઈશ્વર તત્વ સરખી રીતે જ વ્યાપ્ત છે! એટલે કે કીડીમાં ઓછું અને અન્ય મોટા પ્રાણીમાં વધુ એવું નથી! પણ અદ્રશ્ય છે અથવા તો આ ઈશ તત્વ આવરણથી ઢંકાયેલું છે! એટલે કે પ્રાણી માત્રનો આત્મા શરીર નામનાં આવરણથી ઢંકાયેલ છે, અને જીવને આત્મજ્ઞાન થકી એ આત્મા સુધી પહોંચવાનું છે! અને જીવ આત્મા સુધી ત્યારે જ પહોંચી શકે, જ્યારે એ ઈશ્વરની સર્વોપરી સત્તાને સ્વીકારે, એટલે કે જગતમાં જે કંઈ પણ થઈ રહ્યું છે એનું કારણ માત્રને માત્ર ઈશ્વર છે, પોતે તો નિમિત્ત માત્ર છે. અહીં કંઈ જ મારું નથી, અને અહીંથી કંઈ લઈ જઈ શકાતું નથી, માટે મારું મારું કરી સંગ્રહ કરવો નહીં, તેમજ અન્યના ધન વગેરે પર કુદ્રષ્ટિ ન કરવી એવો પણ સૂર આ ઉપનિષદનો છે. આ ઉપરાંત આ ઉપનિષદમાં અસૂર્યા લોકની વાત પણ કરવામાં આવી છે, જેનો અર્થ સામાન્ય રીતે તો સૂર્યનાં કિરણો જ્યાં સુધી પહોંચી શકતાં નથી, એ લોક એવો થાય! ભારતીય અધ્યાત્મમાં આવા લોકનાં સ્પષ્ટ નિરૂપણ તરીકે ગર્ભકાળ માનવામાં આવ્યો છે. આ અશરીરી ચેતના સુધી સૂર્ય એવમ જ્ઞાન એટલે ઈશ્વરની વ્યાપકતાનું જ્ઞાન પહોંચી શકતું નથી, અને એટલે જ એનાં જન્મનું મહત્વ છે! પરંતુ જન્મ પછી પણ જે લોકો આત્મા કે પોતાના પસ્વથને ઓળખતાં નથી, આત્માને ઠુકરાવે છે, નકારે છે અને આ રીતે આત્માનો અસ્વીકાર કરીને પૂરું જીવન વિતાવે છે, તેઓ મૃત્યુ પછી એ જ અંધકારભર્યા લોકમાં એટલે કે અસૂર્યા લોક ગર્ભમાં જવું પડે છે. જ્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર થાય નહીં, ત્યાં સુધી ફરી ફરી જન્મ મૃત્યુનાં ચક્રમાં જાતને ઢસડવી પડે છે. ટૂંકમાં કહીએ તો આ ઉપનિષદમાં ઇશ્વરને સર્વનિર્માતા અને પોતાને નિમિત્ત માત્ર માનીને જીવન જીવવાનો ઈશારો કરવામાં આવ્યો છે.

અગ્ને નય સુપથા રાયે અસ્માન, વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન્ મ
યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો, ભૂયિષ્ઠાં તે નમ ઉક્તિં વિધેમ ય ૧૮ ય

આ ઉપનિષદના અંતિમ મંત્રમાં અગ્નિદેવને પ્રાર્થનાં કરવામાં આવે છે કે, હે અગ્નિદેવ! અમને સાચાં માર્ગે દોરજો, જેથી અમે અમારા પાપરૂપી અજ્ઞાન કે અંધકારથી મુક્ત થઈ શકીએ.

ઉપનિષદ વિશે સર્ચ કરતી હતી તો, ઉમાશંકર જોશીની સુંદર ટિપ્પણી મળી! એમના કહેવા મુજબ આપણે આપણા મૂળ સ્વભાવ એટલે કે સચ્ચિદાનંદ સ્વરૂપ સુધી શું કામ પહોંચી શકતા નથી! કારણ કે વેદ ઉપનિષદમાં જે આનંદની વાત છે એ આનંદ, અને આપણે ખાઈએ છીએ એ આનંદ જુદો છે! દાખલા તરીકે આપણી થાળીમાં ભાવતાં ભોજન હોય તો એ આરોગીએ ત્યાં સુધી આપણે આનંદિત છીએ, પણ વ્યંજન પૂરાં થાય, એટલે આપણો આનંદ પણ પૂરો! પંડિત જસરાજ જ્યાં સુધી વીણા વાદન કરે ત્યાં સુધી આપણે આનંદિત, પણ જેવો પ્રોગ્રામ સમાપ્ત થાય એવો આપણો આનંદ પણ પૂરો!ઃ જ્યારે વેદ ઉપનિષદમાં જે આનંદની વાત કરવામાં આવી છે, એ શાશ્વત છે. સદગુરુ કૃપા હજી એને સરળ બનાવે કે ઈશ્વરની કાર્યદક્ષતા થકી અથવા તો એની વ્યાપકતા થકી આપણી દ્રષ્ટિ જો ઈશ્વર સુધી પહોંચે તો આપણે એની પ્રત્યેક નાની મોટી ક્રિયા કે જે, કાર્યકારણ સિદ્ધાંતથી પરે છે, એની ઉપર વાહ વાહ! એવી દાદ થઈ જાય, અને એ આનંદ શાશ્વત છે. પરંતુ આપણે તકલીફ ત્યાં છે કે આપણે ઈશ્વરને તો સર્વોપરી સત્તા તરીકે હજી એ સ્વીકારી શકીએ, પરંતુ સામેવાળામાં ઈશ્વર જોઈ શકાતો નથી, અને એટલે જ મારું મારું છુટતું નથી, એટલે કે જશ તો લેવો છે, પણ આ તે કર્યું નો અપજશ બીજાને દેવો છે! લેવાં દેવાંની વાતમાં જ્યાં સુધી સંગતતા નહીં આવે, એટલે કે જો મેં કર્યુંનો જશ લેવો હોય, તો અપરાધ થાય ત્યારે આ મેં કર્યું નો અપજશ લેવાની પણ તૈયારી રાખવી પડે. તો ઈશા વાસ્યમિંદ.. એ સૂત્રનો સહજ સ્વીકાર કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### કંપનીએ આપેલા ક્રેડિટ કાર્ડમાંથી ૭૦ હજાર ઉપાડી લીધા !

# કેસ થવાના ડરથી ડ્રાઈવરે ગટગટાવી દવા

## અસરગ્રસ્ત પ્રોઢ સિવિલમાં સારવાર હેઠળ : રસુલપરાના આધેડે એસીડ પીધું

રાજકોટ, તા.૯

સહકાર મેઈન રોડ, જલારામ ચોક પાસે ભાડે રહેતા મૂળીના મહેશભાઈ બાબુભાઇ પરમાર (ઉં.૫૫) આજે સવારે ૯ વાગ્યાં આસપાસ ફિનિકલ રિસોર્ટ કાલાવડ રોડ બાલાજી વેફર્સ પાસે હતા ત્યારે ઝેરી દવા પી જતા રાજકોટ સિવિલમાં દાખલ કરાયા હતા.

હોસ્પિટલ લાવનાર તેમના સાથી કર્મીએ જણાવ્યા મુજબ, મહેશભાઈ એક કંપનીની ગાડી ચલાવતા હતા. તેમને ગાડીમાં ગેસ પુરવા માટે ક્રેડિટ કાર્ડ અપાયું હતું. જેમાંથી તેણે ૭૦ હજાર કોઈની જાણ બહાર રોકડા એટીએમ મશીનમાંથી કાઢી લીધા હતા. જ્યારે માલિકને ખબર પડી ત્યારે તેણે આ છેતરપિંડી અંગે પોલીસમાં જાણ કરવાની વાત કરી હતી. જેથી મહેશભાઈએ ઝેરી દવા પી લીધી હતી. હાલ તે સિવિલમાં સારવાર હેઠળ હોવાનું અને ભાનમાં આવ્યે નિવેદન નોંધાશે તેવું પોલીસે જણાવ્યું હતું. બીજા એક બનાવમાં કોઠારીયા સોલવન્ટ, રસુલપરામાં રહેતા જીતુભાઈ કનુભાઈ પરમાર(ઉ.૨૨) આજે બપોરે પોતાના ઘરે હતો ત્યારે એસિડ પી ગયો હતો તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. જીતુ કારખાનામાં મજૂરી કામ કરે છે. ઘર પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં એસિડ પી ગયો હતો. કારણથી પરિવારજનો અજાણ હોય, પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

**પ્રૌઢએ ઝેરી દવા ગટગટાવી**

ઠક્કરબાપા વાસમાં રહેતા સફાઈ કર્મી અનિલભાઈ વાઘેલાએ ઝેરી દવા પી લેતા રાજકોટ સિવિલમાં સારવાર હેઠળ ખસેડાયા હતા. મળેલી વિગત મુજબ, અનિલભાઈ બાલાભાઈ વાઘેલા (ઉંમર વર્ષ ૫૨, રહે ઠક્કરબાપા વાસ, રાજકોટ) રૈયા ચોકડીથી આગળ રૈયા રોડ પર હતા ત્યારે ઝેરી દવા પી લીધી હતી. તેમને પહેલા બેકબોન હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલમાં ખસેડાયા હતા. પરિવારે જણાવ્યું કે, અનિલભાઈ રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર પાંચમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરે છે. તેમને સંતાનમાં ત્રણ દીકરા છે. પોતે ૨ બહેન અને ૨ ભાઈમાં ત્રીજા નંબરના છે. તેઓ ૧૦ દિવસથી એક સ્ત્રી સાથે ઘરેથી નીકળી ગયા હતા. જે બાદ પરિવારને આજ જેવી દવા પીધા હોવાની જાણ થઈ હતી. પોલીસે તેમનું નિવેદન લઈને વધુ તજવીજ હાથ ધરી હતી.



**હીટ સ્ટ્રોકથી આધેડ બેભાન**

સિવિલમાં હિટ સ્ટ્રોકનો કેસ નોંધાયો છે. જેમાં રેતી ભરવા ગયેલો મજૂર બેભાન થઈ ઢળી પડ્યો હતો. આજી ડેમ પાસે રહેતા મનસુખભાઈ મેટારીયા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે. આ અંગે સિવિલ હોસ્પિટલના સૂત્રો પાસેથી મળેલી વિગત મુજબ આજીડેમ પાસે, આનંદ નગર સોસાયટી મનસુખભાઈ મોહનભાઈ મેટારીયા(ઉ.૪૨) આજે સવારે ૧૦ વાગ્યાની આસપાસ પડધરી તાલુકાના ઇશ્વરીયા ગામે રેતી ભરેલી ગાડી ખાલી કરવાનું મજૂરી કામ કરવા ગયા હતા. જ્યાં રેપીની ગાડી ખાલી કરતી વખતે અચાનક જ બેભાન થઈને ઢળી પડ્યા હતા. તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. આકરા તાપથી મનસુખભાઈ બેભાન થઇ ગયા હોવાનું તબીબોએ અનુમાન લગાવી સારવાર ચાલુ કરી હતી.

# મગજમાં તાવ ચડી જતા પરિણીતાનું મોત

## ઓપરેશન કર્યું છતાં સારવાર કારગત ન નીવડી, પરિવારમાં શોક : બીજા માળેથી પટકાતા બાળકનું મોત

રાજકોટ, તા.૯ તા.૮

ગાંધીગ્રામ વિસ્તારમાં પરણિતાને તાવ આવ્યા બાદ સારવારમાં મોત નીપજ્યું હતું. બનાવથી દોઢ વર્ષની દીકરીએ માતાનું છત્ર ગૂમાવતા પરિવારની કરુણાંતિકા બેવડાઈ ગઈ છે. શ્રુતિકાબેનને તાવ મગજમાં ચડી જતા ઓપરેશન કર્યું હતું, છતાં સારવાર કારગત નીવડી નહોતી.

મળતી માહિતી અનુસાર, ગાંધીગ્રામ, સત્યનારાયણનગર, શેરી નંબર ૩માં રહેતા શ્રુતિકાબેન શનિભાઈ સોલંકી (ઉં.૨૨))ને ગયા સપ્તાહે તાવ આવ્યો હતો અને પછી ઓળી નીકળ્યા હતા. જેની સારવાર રાજકોટમાંથી કરાવી હતી. પછી આરામ કરવા માટે શ્રુતિકાબેન પોતાના પિયર આટકોટ નજીક આવેલા દળવા ગામે ગયા હતા. ગત તા. ૨ એપ્રિલે તબિયત ફરી બગડી ગઈ હતી.

બેભાન થઈ જતા રાજકોટની ગિરિરાજ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જે પછી ગોકુલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા. જ્યાં તા. ૫મીએ એપ્રિલે મગજનું ઓપરેશન કરાવ્યું હતું.

સારવાર દરમિયાન અચાનક બેભાન થઇ જતા તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા અહીં ચાલુ સારવાર દરમિયાન વહેલી સવારે મૃત્યુ નીપજ્યું હતું. પરિવારે જણાવ્યા મુજબ, શ્રુતિકાબેનના પતિ સનીભાઈ શાકભાજીનો વેપાર કરે છે. તેઓને સંતાનમાં એક દોઢ વર્ષની દીકરી છે. જે બાળકીએ અચાનક માતાનું છત્ર ગૂમાવ્યું હોવાનો પરિવારમાં શોક ફેલાયો છે.

**પટકાયેલા બાળકનું મોત**

અવધ ઢાળે બાંધકામ સાઈટ પર બીજા માળેથી પટકાતા ૩ વર્ષના બાળકનું મોત નીપજ્યું હતું. શ્રમિક પરિવારનો સોહિલ રમતા રમતા પડી ગયો હતો. સિવિલમાં લાવતા મૃત જાહેર કરાયો હતો. સોહિલ શંકરભાઈ બામણીયા (ઉંમર વર્ષ ૩, રહે. પરસાણા ચોક, એશ્વર્યા ગાર્ડન, ઠાકર હોટલ પાસે, રાજકોટ) આજે બપોરે ૧૨-૧૫ વાગ્યાં આસપાસ અવધના ઢાળીયા પાસે અબીલ ગુલાલ નામની બાંધકામ સાઈટ પર હતો ત્યારે બીજા માળેથી રમતા રમતા નીચે પટકાયો હતો. તેને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા મૃત જાહેર કરાયો હતો.સોહિલના માતા પિતા બાંધકામ સાઈટ પર મજૂરી કામ કરે છે. સોહીલ તેના માતા પિતા અને ભાઈ બહેન સાથે બાંધકામ સાઈટ પર ગયો હતો. માતા પિતા કામમાં વ્યસ્ત હતા ત્યારે આ બનાવ બની ગયો હતો. સોહીલ ૨ ભાઈ અને ૧ બહેનમાં નાનો હતો. પરિવાર મધ્યપ્રદેશના ભાભરાનો વતની હતો. માસુમ બાળકના અકાળે મૃત્યુથી શ્રમિક પરિવારમાં શોક છવાયો હતો.

# ખૂનની બે ઘટનામાં હથિયાર સપ્લાય કરનાર ગોરખપુરથી ઝડપાયો

## વિરપુર-જૂનાગઢમાં થયેલા ગોરખપુરથી સૌરાષ્ટ્રમાં હથીયારની ચેઇન શરૂ કરનાર શખ્સ વિરુદ્ધ હત્યા, આર્મ્સ એકટના અનેક ગુના નોંધાયા બાદ ફરાર થઇ ગયો થતો

રાજકોટ. તા.૯

વિરપુર-જૂનાગઢમાં થયેલી હત્યાના બનાવમાં હથિયાર સપ્લાય કરનાર ઈનામી આરોપીને રાજકોટ ગ્રામ્ય પેરોલ ફર્લોની ટીમે ગોરખપુરથી આરોપીને દબોચી કાર્યવાહી કરી હતી. ગોરખપુરથી સૌરાષ્ટ્રમાં હથીયારની ચેઇન શરૂ કરનાર શખ્સ વિરુદ્ધ હત્યા, આર્મ્સ એકટના અનેક ગુના નોંધાયા બાદ ફરાર થઇ ગયો હતો.

રાજ્ય પોલીસ વડા દ્વારા તા.૭થી ૨૧-૪ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડવા અંગેની ડ્રાઇવનું આયોજન કર્યું છે. તે અનુસંધાને રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડી અસરકારક કામગીરી કરવાની આપેલ સૂચનાથી રૂરલ એલસીબીની ટીમ ફરાર આરોપીઓને પકડવા તપાસ આદરી હતી.



રેન્જ આઈજીએ રૂ.૮ હજારનું ઇનામ જાહેર કર્યા બાદ રાજકોટ ગ્રામ્ય પેરોલ ફર્લોની ટીમે ગોરખપુરથી આરોપીને દબોચી કાર્યવાહી કરી

દરમિયાન વિરપુર પોલીસ મથકના હત્યા અને આર્મ્સ એકટના ગુનાનો આરોપી રોહનકુમાર બચ્ચાપ્રસાદ રાવત (રહે. ગોરખપુર, બેતીયાઆતા કચરા , કાલી મંદિર પાસે, ઉત્તર પ્રદેશ, હાલ રહે. મેડીકલ કોલેજની પાછળ, શેમરા, ગોરખપુર) છેલ્લા તેર વર્ષથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય જેથી રાજકોટ રેન્જ આઈજી દ્વારા આરોપીને પકડવા ૮ હજારનુંનું ઇનામ જાહેર કર્યું હતું.

તેના બાબતે પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઇ પી.એન.ભરવાડ અને કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ સોલંકીને ટેકનીકલ તેમજ હ્યુમન સોર્સીસથી સચોટ માહિતી એકત્રીત કરી આરોપીને પકડી પાડી વિરપુર પોલીસને સોંપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, પકડાયેલા આરોપી વિરુદ્ધ જૂનાગઢ તાલુકા પોલીસ મથકમાં પણ આર્મ્સ એકટની કલમ હેઠળના બે ગુના નોંધાયેલ છે, જેમાં પણ તે ફરાર હતો. તેમજ જૂનાગઢ સીટી એ.ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં વર્ષ ૨૦૧૦ માં તેને હત્યાને અંજામ આપ્યાનું પણ સામે આવ્યું છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, વીરપુર જૂનાગઢમાં થયેલી હત્યાના બનાવમાં તેને ગોરખપુરથી હથિયાર સપ્લાય કર્યા હતા. આ સિવાય પણ તેને સૌરાષ્ટ્રમાં અલગ અલગ જગ્યાએ હથિયાર સપ્લાય કર્યાનું પણ સામે આવ્યું છે.

### જેતપુરમાં ગેસ એજન્સીનું ગોડાઉન સીલ, ગેસ એજન્સી સંચાલક સામે ગુનો નોંધાવતી રૂરલ SOG

# સાડી કારખાનામાં દરોડો ૯૩ ગેસ સિલિન્ડર મળ્યા

રાજકોટ, તા.૯

જેતપુરના ઉદ્યોગનગર વિસ્તારમાં આવેલા ખેતલીયા ટેકસટાઇલમાં રૂરલ એસોજીની ટીમે દરોડો પાડી સંગ્રહ કરાયેલા એલપીજી સિલિન્ડરનો જથ્થો ઝડપી લીધો હતો. જેમાં ૬૯ ભરેલા બાટલા અને ૨૪ ખાલી એલપીજી સિનિયર મળી આવ્યા હતા. આ સિલિન્ડર જયાંથી સપ્પાલ થયા હતા તે મહાદેવ ગેસ્ટ એજન્સીના ગોડાઉનને પોલીસે સીઝ કરી દીધું હતું અને આ મામલે ટેકસટાઇલના માલિક અને ગેસ એજન્સીના સંચાલક સામે ગુનો નોંધી તેની અટકાયત કરવામાં આવી છે.

દરોડાની વિગતો મુજબ, રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા એલપીજી ગેસના સિલિન્ડર્સને સંબંધિત ગેરકાયદે પ્રવૃત્તિ સદંતર નાબૂદ કરવા અને અસરકારક કામગીરી કરવા માટેની આપેલ સૂચનાથી એસઓજી પીઆઇ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જે.જી. ઝાલા તથા ટીમ તપાસમાં હતી તે દરમિયાન મળેલી બાતમીના આધારે જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન હેઠળ વિસ્તારના ખેતલીયા ટેક્સટાઇલમાં દરોડો પાડી ૬૯ ભરેલા અને ૨૪ ખાલી એલપીજી સિલિન્ડર મળી આવ્યા હતા જેનો ઉપયોગ સાડી પ્રિન્ટિંગના હેતુ માટે કરાતો હતો. જેના માટે જ અહીં ગેરકાયદે સિલિન્ડરનો સંગ્રહ કરવામાં આવ્યો હતો.




પોલીસ તપાસમાં તમામ એલપીજી સિલિન્ડર મહાદેવ ગેસ એજન્સીમાંથી આવ્યાનું ખુલતા એસોજીએ ગેસ એજન્સીનું ગોડાઉન સીઝ કરી દીધું હતું. આ અંગે ખેતલીયા ટેક્સટાઇલના માલિક ફેનિલ જીતેન્દ્ર પાદરીયા (રહે. જુનાગઢ રોડ, જેતપુર) અને મહાદેવ ગેસ એજન્સીના સંચાલક રાજ ભાવેશ સાકરીયા (રહે. ગંગના જમના રેસીડેન્સી, જેતપુર) વિરુદ્ધ એલપીજી ગેસ સિલિન્ડરની ગેરકાયદે રીતે સંગ્રહખોરી કરવાની ફાયર સેફટીની જોગવાઈઓના ભંગ કરવાની, સંગ્રહ અને વપરાશ ક્ષમતા કરતા વધુ માત્રામાં ગેસ સિલિન્ડરનું વેચાણ કરવાની અને ગેસ સિલિન્ડર રૂલ્સની જોગવાઈઓનો ભંગ કરવા સહિતની બાબતો હેઠળ કાર્યવાહી કરી હતી.

આ દરોડા દરમિયાન ખાલી અને ભરેલા ગેસ સિલિન્ડર ઉપરાંત મોબાઈલ ફોન મળી રૂપિયા ૨.૬૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીઓ સામે આવશ્યક ચીજ વસ્તુ ધારા એક્સપ્લોઝિવ એક્ટ અને બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

### પોલીસે વાયરલ વિડીયોના આધારે બંને કાર ચાલકોની શોધખોળ

# બાબુડીયાઓએ બે સ્થળોએ વાહનોને લીધા હડફેટે

## કાળા કાચ વાળી સ્વીફ્ટ કારના ચાલકે પુરપાટ કાર ચલાવી એક્ટિવા ચાલકને હડફેટે લઈ નાસી છૂટ્યો, જ્યારે બાપા સીતારામ ચોક પાસે વર્ના કારના ચાલકે ચારેક વાહન ચાલકોને કચડયા, એક ઈજાગ્રસ્ત







રાજકોટ, તા.૯

શહેરમાં નબીરાઓ બેફામ બન્યાં હોય તેમ એક જ દિવસમાં બે ગંભીર અકસ્માત સર્જર્યા હતાં. પંચવટી સોસાયટી અને બાપાસીતારામ ચોક પાસે બેકાબુ બનેલ કાર ચાલકોએ અને લોકોને હડફેટે લેતાં એક વ્યક્તિ ઈજાગ્રસ્ત પણ થયાં હતા. જે મામલે હવે પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે મળતી વિગત મુજબ, પંચવટી રોડ પર કાળા કાચવાળી અને નંબર પ્લેટ વગરની એક કારના ચાલકે એક્ટિવા ચાલકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત સર્જી કાર ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જે અંગે માલવીયાનગર પોલીસે કારની શોધખોળ આદરી છે.

તેમજ બાપા સીતારામ ચોક પાસે એક વરના કાર ચાલકે પુરપાટ કાર ચલાવી ચારેક વાહન ચાલકોને હડફેટે લીધા હતા. જેમાં એક બાઈકનો તો ભૂકો જો બોલી ગયો હતો.. જેમાં એક વ્યક્તિને ઈજા પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલે પણ ખસેડવામાં આવ્યા હતા. જે અંગે તાલુકા પોલીસે ઘટના સ્થળે દોડી જઈ અકસ્માત સર્જી નાસી છૂટનાર કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

**યુવાનો પર હુમલો**

શહેરમાં મારા મારીના બે બનાવો બનતા ઈજાગ્રસ્તો સિવિલ હોસ્પીટલમાં સારવામાં ખસેડાયા હતા.

પ્રથમ બનાવમાં ગંજીવાડા શેરી નંબર ૪૬માં રહેતા અજયભાઈ દિનેશભાઈ બથવાર (ઉં.૨૬) વિજયનગર શેરી નંબર ૧૫માં હતો ત્યારે વિપુલ અને તેની સાથેના માણસોએ ઝઘડો કરીને માર મારતા માથે અને શરીરે ઇજા થતાં રાજકોટ સિવિલમાં દાખલ થયો હતો. પોલીસે આ અંગે કાર્યવાહી કરી હતી. અન્ય બનાવમાં જંગલેશ્વર હુસેની ચોકમાં રહેતો ઉમેશભાઈ દૂધનાથભાઈ મહતો (ઉં.૨૮) ગઈકાલે રાત્રે ૧-૩૦ વાગ્યા આસપાસ પોતાના ઘર પાસે હતો ત્યારે ભોલાએ ઝઘડો કરીને ઢીકા પાટુ માર્યા હતા. જેમાં પગના ભાગે અને શરીરે ઇજા થતાં રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો. પોલીસે ઉમેશનું નિવેદન લેવા તજવીજ કરી હતી. બંને ઝગડા નજીવી બાબતે થયા હોવાનું કહેવાય છે.

**ઝેરી દવા પીધી**

કોઠારીયા રોડ પર રહેતા ૩૨વર્ષીય મોહન સોલંકીએ ઝેરી દવા ગટગટાવી લેતા તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. આ અંગે મળતી માહિતી અનુસાર રાધેશ્યામ સોસાયટી, શેરી નંબર ૨, કોઠારીયા રોડ પર રહેતો મોહન અમરશીભાઈ સોલંકીએ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તેમને ખાનગી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલમાં દાખલ કરાયો હતો.

પરિવારે જણાવ્યું કે, મોહન ચુલા બનાવી વેચવાનું કામ કરે છે. કોઈ યુવતી સાથે તે ફોન પર વાત કરતો હોવાની જાણ થઈ હતી. હાલ પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાનું અનુમાન છે. પોલીસે તેનું નિવેદન લેવા તજવીજ કરી હતી.

**જુગાર રમતા ૪ ઝડપાયા**

જામનગર રોડ પર નાગેશ્વર મંદિર પાસે જાહેરમાં મોબાઈલ આઈડી મારફત એવીએટર ગેમમાં જુગાર રમી રહેલા વિદ્યાર્થીને એલસીબી ઝોન-૨ની ટીમે ઝડપી લીધો હતો. દરોડાની વિગતો મુજબ, એલસીબી ઝોન-૨ ના પીએસઆઇ આર.એચ. ઝાલા તેમજ હેડ કોન્સ્ટેબલ શક્તિસિંહ ગોહિલ, ધર્મરાજસિંહ ઝાલા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

દરમિયાન જામનગર રોડ પર નાગેશ્વર મંદિર સામેના રોડ પર જાહેરમાં મોબાઇલમાં શંકાસ્પદ પ્રવૃત્તિ કરી રહેલા યુવાન પોલીસે અટક કરી પૂછતાછ કરતા તેણે નાગેશ્વર ભવાની ચોક તીર્થ એપાર્ટમેન્ટ વિંગ બી ફ્લેટ નંબર ૮૦૧માં રહેતો દેવજ્ઞ નિમિશભાઈ જોષી હોવાનું જણાવ્યું હતું.પોલીસે તેનો મોબાઇલ ફોન ચેક કરતા પ્લેઇનજીત ડોટ કોમ નામની વેબસાઈટમાં આઇડી મેળવી એવીએટર ગેમમાં હાર જીતના સોદાઓ કરી જુગાર રમતો હોવાનું માલુમ પડ્યું હતું. મોબાઇલ આઈડી મારફત જુગાર રમતો દેવજ્ઞ અભ્યાસ કરતો હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે ગાંધીગ્રામ પોલીસે તિરૂપતિ સોસાયટી શેરી-૩ માતૃછાયા મકાન સામે જાહેરમાં જુગાર રમતા ત્રણ જુગારીને ઝડપી લીધા હતા. જેમાં સુરેશ ધીરજલાલ કટારીયા, શાંતુ રાઘુ તકમરીયા અને બીપીન ધીરજલાલ હિંડોચાનો સમાવેશ થાય છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અનુસંધાને પોલીસની કાર્યવાહી

# ચાર રીઢા ગુનેગારો પાસામાં

## રીક્ષા ગેંગના બે શખ્સો અને એક રીઢો બાઈકચોરને અને ઘનશ્યામનગરના શખ્શે અલગ અલગ જેલમાં ધકેલી દેવાયા: ક્રાઈમ બ્રાંચની કાર્યવાહી

રાજકોટ,તા.૯

આગામી સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાને લઇ રીઢા ગુનેગારો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવાની સૂચનાને લઇ ક્રાઇમ બ્રાંચે ચાર આરોપીની પાસા હેઠળ અટકાયત કરી હતી. જેમાં રીક્ષા ગેંગના બે શખ્સોને અમદાવાદ અને મહેસાણા જેલહવાલે અને રીઢા બાઇક ચોરને અમદાવાદ તેમજ ઘનશ્યામનગરના શખ્સને વડોદરા જેલહવાલે કરાયો છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીક અને ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ બી.બી. બસીયા દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે રીઢા ગુનેગારો વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા અગાઉ રિક્ષામાં પેસેન્જર તરીકે વૃદ્ધ, મહિલા અને પુરુષોને બેસાડી રોકડ અને મત્તાની તફડંચી કરનાર રાજુલાનો અલ્પેશ ઉર્ફે ભૂરો કિશોર સોલંકી અને રોહિત ઉર્ફે પાગો ધીરુ માળી વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી.

જે દરખાસ્ત પર પોલીસ કમિશનરએ મંજૂરી આપતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે વોરંટની બજવણી કરી બંને આરોપીઓની પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ અને મહેસાણા જેલહવાલે કરી દીધા છે.

આરોપી અલ્પેશ સામે પાલનપુર, જામનગર, જુનાગઢ, રાજકોટના એ ડિવિઝન, માલવિયાનગર સહિતના પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાઈ ચૂક્યા છે. જ્યારે રોહિત સામે રાજકોટના માલવિયાનગર અને એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા છે.

ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચની ટીમે વાહન ચોરીના ગુનામાં એકથી વધુ વખત પોલીસ ચોપડે ચડી ચૂકેલા આજીડેમ ચોકડી માંડા ડુંગર, ગોકુલ પાર્કના રાહુલ ધીરૂ પરમાર વિરુદ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી. જે પોલીસ કમિશનરે મંજૂર કરી પાસાનું વોરંટ ઇશ્યૂ કરતા ક્રાઈમ બ્રાન્ચની ટીમ વોરંટની બજવણી કરી રાહુલ પરમારની પાસા હેઠળ અટકાયત કરી અમદાવાદ જેલહવાલે કર્યો હતો. આરોપી વિરુદ્ધ અગાઉ રાજકોટમાં આજીડેમ પોલીસ સ્ટેશન સુરેન્દ્રનગરના ચોટીલા પોલીસ સ્ટેશનમાં મળી પાંચ ગુના નોંધાઇ ચૂક્યા છે.



જ્યારે ઘનશ્યામ નગર શેરી નંબર-૭, કોઠારીયા રોડ, રાજકોટ અને મૂળ જૂની કરાવડી તાલુકો વાંકાનેર ના હિતેન્દ્રસિંહ ઉર્ફે ભૂરો દિલીપસિંહ ઝાલા સામે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરીને મંજૂરી માટે પોલીસ કમિશનર તરફ મોકલવામાં આવી હતી. જેને પણ પોલીસ કમિશનર દ્વારા મંજુર કરીને પાસાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવતા હિતેન્દ્રસિંહ ઝાલાને દબોચી લઈને વડોદરા જિલ્લા જેલ હવાલે ધકેલી દેવાયો છે.

પોલીસના જણાવ્યા મુજબ હિતેન્દ્રસિંહ સામે નાના મોટા ૧૦ ગુના ભૂતકાળમાં એ ડિવિઝન, ભક્તિનગર પોલીસ, માલવિયાનગર તેમજ ડીસીબી પોલીસના ચોપડે નોંધાઈ ચૂક્યા છે

# બીજા શનિવારે પણ તમામ સરકારી કચેરીઓ રહેશે ખુલ્લી

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાને લઈને સરકાર દ્વારા કરાયો નિર્ણય

રાજકોટ,તા.૯

રાજયની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા નગરપાલિકાની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી તા.૨૬.૦૪.૨૦૨૬ રોજ યોજવા માટે રાજય ચૂંટણી આયોગ દ્વારા તા.૦૧-૦૪-૨૦૨૬ના રોજ વિગતવાર કાર્યક્રમ આપવામાં આવેલ છે. આ કાર્યક્રમ મુજબ ઉમેદવારી પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ તા.૧૧.૦૪.૨૦૨૬ રોજ છે. તા.૧૧.૦૪.૨૦૨૬ બીજો શનિવાર હોવાથી સરકારી કચેરીઓમાં રજા હોય છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા આપવામાં આવેલ ચૂંટણી કાર્યક્રમ મુજબ તા.૧૧.૦૪.૨૦૨૬ રોજ ઉમેદવારી પત્ર સ્વીકારવાની છેલ્લી તારીખ હોવાથી આ દિવસે ચૂંટણી અધિકારીશ્રીઓ/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓની કચેરીઓ ખુલ્લી રહેશે અને ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવશે. જેથી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી લડવા ઈચ્છતા તમામ ઉમેદવારોએ આ બાબતની નોંધ લેવી.

# રેલવે ડિવિઝનનો સ્ક્રેપ નિકાલમાં નવો વિક્રમ

રાજકોટ, તા. ૯

પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન સ્ક્રેપ સામગ્રીના ઝડપી અને કાર્યક્ષમ નિકાલમાં સતત નવા કીર્તિમાન સ્થાપિત કરી રહ્યું છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ડિવિઝને ૯,૧૯૫ મેટ્રિક ટન સ્ક્રેપનું વેચાણ કરીને ₹૩૩.૧૧ કરોડની આવક મેળવી છે. આ સિદ્ધિ માત્ર એક નવો રેકોર્ડ જ નથી, પરંતુ પાછલા તમામ વર્ષોની સરખામણીમાં અત્યાર સુધીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન પણ છે.

**૩૩.૧૧ કરોડની આવક મેળવી, ૯૯% એકમો સ્ક્રેપ-મુક્ત બન્યા**

રાજકોટ ડિવિઝને ૧૦૦ ટકા કન્ડમ (બિનઉપયોગી) શેડ અને ઈમારતોનો નિકાલ પૂર્ણ કરી લીધો છે અને પોતાના ૯૯ ટકા એકમોને સ્ક્રેપ-મુક્ત બનાવી દીધા છે.નિકાલ કરવામાં આવેલી સામગ્રીમાં મુખ્યત્વે સ્ક્રેપ રેલ, પી-વે (P-Way) સામગ્રી અને સ્લીપર, માઈલ્ડ સ્ટીલ, કાસ્ટ આયર્ન સ્ક્રેપ, ઈ-વેસ્ટ, બેટરી, પ્લાસ્ટિક, વેસ્ટ પેપર, લાકડું તેમજ તાંબુ, એલ્યુમિનિયમ અને પિત્તળ જેવી બિન-લોહ ધાતુઓનો સમાવેશ થાય છે.

આ સુવ્યવસ્થિત પ્રક્રિયાથી માત્ર નોંધપાત્ર આવક જ નથી થઈ, પરંતુ રેલવે અસ્કયામતોના બહેતર સંચાલન, સ્વચ્છ પરિસર અને સંસાધનોના અસરકારક ઉપયોગને પણ બળ મળ્યું છે. આ સિદ્ધિ 'મિશન ઝીરો સ્ક્રેપ' અંતર્ગત ડિવિઝનના તમામ એકમોને તબક્કાવાર રીતે સ્ક્રેપ-મુક્ત બનાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીનાએ આ સિદ્ધિ બદલ આનંદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કેઃ આ સફળતા રાજકોટ ડિવિઝનની કાર્યક્ષમતા અને સ્વચ્છતા પ્રત્યેના અમારા સંકલ્પને સાબિત કરે છે. 'મિશન ઝીરો સ્ક્રેપ'ની દિશામાં આ એક અત્યંત મહત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ સિદ્ધિ છે.

# શિતલ પાર્ક પાસેથી ચોરાઉ એકટીવા સાથે ઝડપાયો

## વૈશાલીનગરના વિજય ચૌહાણની છ દિવસ પૂર્વે ચોર્યાની કબુલાત





રાજકોટ, તા. ૯

શીતલ પાર્ક પાસેથી ચોરાઉ એકટીવા સાથે વૈશાલીનગરના શખ્સને ગાંધીગ્રામ પોલીસની ટીમે ઝડપી લીધો હતો. આરોપીએ એકટીવા છ દિવસ પૂર્વે નિરંજન સોસાયટી પાસેથી ચોરી કર્યાની કબુલાત આપી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઇ એચ.પી. ગઢવીની રાહબરીમાં પીએસઆઈ વી.ડી. રાવલિયા તથા ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ગઢવી, રોહિતદાન ગઢવી, કોન્સ્ટેબલ પ્રશાંતભાઈ ગજેરા અને કૌશિકભાઇ ડાંગરને એવી બાતમી મળી હતી કે, શીતલ પાર્ક સર્કલથી સંજયનગર તરફ જવાના રોડ પર એક શખસ શંકાસ્પદ એકટીવા સાથે ઉભો છે. જેથી બાતમીના આધારે પોલીસની ટીમને અહીં પહોંચી આ શંકાસ્પદ શખસની પુછતાછ કરતા તેણે પોતાનું નામ વૈશાલીનગર શેરી નં. ૩ રૈયા રોડ પર રહેતો વિજય પ્રવિણ ચૌહાણ હોવાનું જણાવ્યું હતું.

પોલીસે આ શખસ પાસે વાહનના કાગળો માંગતા તે ગલ્લાતલ્લા કરવા લાગ્યો હતો. બાદમાં પોલીસે એકટીવાના નંબરની ખરાઈ કરતા તે અન્યના નામે રજીસ્ટર હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ શખસની સઘન પૂછતાછ કરતા આ એકટીવા તેણે છ દિવસ પૂર્વે બપોરના સમયે નિરંજન સોસાયટી રામેશ્વર ચોક શેરીમાંથી ચોરી કર્યાની કબુલાત આપી હતી. પોલીસે ૨૫ હજારનું એકટીવા કબજે કરી જરૂરી કાર્યવાહી કરી હતી. ઝડપાયેલ શખ્સ વિજય ચૌહાણ સામે અગાઉ માલવિયાનગર પોલીસ મથકમાં દારૂ-જુગાર, ભાવનગરમાં દારૂ, જાહેરનામા ભંગ અને પાલનપુરમાં મારામારીનો ગુનો નોંધાઈ ચૂક્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# ગાંજો સાચવવા આપીને તરૂણીને ફસાવનાર દંપતી સકંજામાં

## વામ્બે આવાસમાંથી ૯.૫૩ લાખના ઝડપાયેલા ગાંજાના ગુનામાં માત્ર ૫ હજાર કમીશન તરુણીને મોંઘુ પડ્યું : SOG દ્વારા દંપતીની પૂછપરછ શરૂ



રાજકોટ, તા.૯

વામ્બે આવાસમાંથી ૯.૫૩ લાખના ૧૯ કિલો ગાંજા સાથે એસઓજીએ એક તરુણીને ઝડપી લીધી છે. જો કે તરુણી ૫ હજાર કમીશન મેળવવા ફસાઈ ગઈ હોય અને ગાંજો મુસ્લિમ દંપતીનું હોવાનું બહાર આવતા તેમને સકંજામાં લઈને પૂછપરછ શરુ કરી છે.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા અને એસીપી (ક્રાઇમ) ભરત બસીયા દ્વારા શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે અને નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા ‘‘જ્અઢ ગઘ ઝઘ ઉછ્બ્ત્રઃજ્જ‘ મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ સંજયસિંહ જાડેજાની, પીએસઆઇ વી.કે.ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ, ઉપેન્દ્રસિંહ ઝાલાને કૈલાસ કેવલમ મેઇન રોડ પરના વામ્બે આવાસના ક્વાટરમાં ગાંજાનો મોટો જથ્થો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

બાતમીના આધારે વામ્બે આવાસના ક્વાટરમાં દરોડો પાડી એક ૧૭ વર્ષની તરુણીના ક્વાર્ટરમાંથી ૯.૫૩ લાખનો લાખનો ૧૯.૦૬૧ કિલો ગાંજો હાથ લગતા તરુણીની ધરપકડ કરી હતી. આ એન. ડી.પી.એસ. એક્ટ હેઠળ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી તરુણીને ચાઈલ્ડ વેલ્ફેર ઓફીસરને સોપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, ગાંજાના જથ્થા સાથે પકડાયેલી તરુણીને જંગ્લેશ્વરના ન્યુ સાગર નગરમાં રહેતાં સોયબ અશરફ ઉર્ફે કચુ તૈલી અને તેની પત્ની જેબા સોયબ તૈલીએ ગાંજો એક દિવસ પહેલાં સાચવવા આપ્યો હતો. જેના બદલામાં તરુણીને ૫ હજાર પણ મળ્યા હતાં.

હાલ પોલીસે ગાંજાનો જથ્થો લઈ આવનાર કુખ્યાત પેડલર દંપતીને પણ સકંજામાં લઈ ગાંજો ક્યાં સપ્લાય કરવાનો હતો, તે અંગે તપાસ આદરી છે. ઉલ્લેખનીય છે કે, પેડલર દંપતી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળના અનેક ગુના પણ નોંધાયેલ છે. પેડલર દંપતીએ કોઈને શંકા ન જાય તે માટે તરુણીને સાથે રાખી સફેદ કલરની કારમાં અમદાવાદથી ગાંજો લઈ આવી ક્વાર્ટરમાં રાખ્યો હોવાની વિગતો ખુલી છે. વાંબે આવાસમાંથી ગાંજાના જથ્થા સાથે પકડાયેલ તરુણીએ પોલીસ સામે વટાણા વેરી દિધા હતાં. પોલીસે જણાવ્યું હતું કે,તરુણી પેડલર મહિલાને બહેન અને સોયબને જીજાજી કહેતી હતી. પેડલર દંપતીએ કોઈને શંકા ન જાય તે માટે તેણીનો ઉપયોગ કરી સાથે રાખી સફેદ કલરની કારમાં અમદાવાદથી ગાંજો લઈ આવી ક્વાર્ટરમાં રાખ્યો હતો. પરંતુ એસઓજીની ટીમથી ગાંજો બચાવી શક્યા ન હતાં.

પોલીસે એવું પણ જણાવ્યું હતું કે એસઓજીની ટીમે વામ્બે આવાસમાં દરોડો પાડી પકડી પાડેલ ૧૯ કિલો ગાંજાના કેસમાં મુખ્ય સૂત્રધાર તરીકે સોયબ અને તેની પત્ની જેબાનું નામ ખુલ્યું હતું. જો કે, કુખ્યાત પેડલર દંપતીએ અગાઉ જંગલેશ્વરની કુખ્યાત રમાના પતિ જાવિદ પાસેથી પકડાયેલો ૫૩ કિલો ગાંજો પણ તેઓએ જ સપ્લાય કર્યો હતો. અને તે ગુનામાં તેમનું નામ પણ ખુલ્યું હતું. હાલ બંનેને સકંજામાં લઈને પૂછપરછ શરુ કરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

# મધ્યપ્રદેશથી દારૂ લાવી વેચતા બે ભાઈ પકડાયા

## ૯૮ હજારની ૩૯૩ બોટલ કબજે કરતી PCB પોલીસ



રાજકોટ, તા.૯

આંબેડકરનગરમાં બે સગા ભાઈ વિદેશી દારુ વેચતા હોવાની બાતમી પેટ્રોલિંગ દરમિયાન પીસીબી પોલીસને મળી હતી. દરમિયાન પોલીસે દરોડો પાડીને દિલીપ કેશુ અને ભારત કેશુ પરમારને ૯૮ હજારની ૩૯૩ બોટલ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી કરી છે.

પીસીબી પીઆઈ એમ. આર.ગોંડલીયા, હેડ કોન્સ્ટેબલ ફુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, કોન્સ્ટેબલ યુવરાજસિંહ રાણા પેટ્રોલિંગમાં હતા ત્યારે ૧૫૦ ફુટ રીંગ રોડ આંબેડકરનગર શેરી નં.૧૪/૧ ના ખુણે આવેલા મકાનમાં દારૂનો જથ્થો હોવાની બાતમી મળતા ટીમે દરોડો પાડી દિલીપ કેશુ પરમાર (ઉ.વ.૨૫) અને ભરત કેશુ પરમારને પકડી પાડી દારૂની અલગ અલગ બ્રાન્ડની, રૂ. ૯૮,૦૫૬ની ૩૯૩ બોટલ સાથે ઝડપી લીધા હતા. પોલીસે જણાવ્યું હતું કે કે, પકડાયેલા બંને ભાઈઓ ડ્રાઈવિંગની મજુરી સાથે સંકળાયેલા છે અને મધ્યપ્રદેશથી દારુ લાવીને શહેરમાં છૂટક વેચતા હતા.

૧૧૦૦ કિમી દુરથી લોડેડ દારૂનો ટ્રક ગુજરાતમાં પહોચી ગયો ! ચેકપોસ્ટ પર ઘોરતી પોલીસ

# હરિયાણાથી મંગાવેલા દારૂ ભરેલા ટ્રક સાથે ડ્રાઈવર ઝબ્બે

## રાજકોટ રોડ ઉપર જાંબુડાના પાટિયા પાસેથી એલસીબીએ પકડ્યો ૨૯,૨૪૩ બોટલ ભરેલો ટ્રક : દારુ, ટ્રક અને મોબાઈલ મળી ૧,૫૯,૮૪, ૮૦૦નો મુદામાલ જપ્ત કરતી જામનગર એલસીબી

જામનગર, તા.૯

હરીયાણાથી મંગાવેલો ૨૯,૨૪૩ બોટલ દારુ મૂળ સ્થળે પહોચે તે પહેલાજ જામનગર એલસીબીએ જામનગર-રાજકોટ હાઈવે પર, જાંબુડા ગામના પાટીયા પાસેથી અટકાવીને ટ્રક ચાલકને ૧.૬૦ કરોડના મુદ્દામાલ સાથે ઝડપી લીધો છે. હવે દારુ મંગાવનાર અને મોકલનાર તેમજ લોડીંગ કરનાર એમ ત્રણને ફરારી જાહેર કરીને શોધખોળ આદરાઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ હરીયાણાથી મોટા જથ્થામાં દારુ લઈને એક ટ્રક નીકળવાનો છે તેવી એલસીબીને બાતમી મળી હતી. દરમિયાન એલસીબી જામનગરના પીઆઈ વી.બી. ચૌધરી, પીએસઆઈ એમ.વી.ભાટીયા સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા. હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઈ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા સહિતની ટીમે જામનગર-રાજકોટ રોડ પર વોચ ગોઠવી હતી. ત્યારે જાંબુડા ગામના પાટિયા પાસેથી પસાર થયેલા જી.જે.૦૩ બીવાય ૭૭૬૯ નંબરના ટ્રકને રોકી તલાસી લેવાતા તેમાંથી પોલીસને ૧,૩૯,૭૯,૮૦૦ની વિદેશી દારૂનું ૨૯૨૪૩ બોટલ હાથ લાગી હતી.

પોલીસે ટ્રક ચાલક સેમલકી ખુણાનો નેશ, ખંભાળાની બાજુમાં, તા.રાણાવાવ જી.પોરબંદર હાલ- આદીત્યાણા ગામ, સરકારી હાઈસ્કુલની પાછળ, તા.જી.પોરબંદર)વાળા રાજુ ઉર્ફે દેવો ખીમા મોરી ની અટક કરી આકરી પૂછપરછ કરતા તેમણે વટાણા વેરી નાખ્યા હતા.

તેમની કબુલાત મુજબ દારૂનો જથ્થો મુખ્ય આરોપી ગડીયાવાળો નેશ તા.રાણાવાવના કરશન કાના કોડીયાતર તેમજ દુદા દેવરાજ કોડીયાતર(રહે. કપુરડીનેશ તા.ભાણવડ) હોવાનું બહાર આવ્યું છે.



તેમજ દારૂ ભરી આપનાર અજાણયો માણસનું નામ હોવાનું કબુલ્યું હતું. પોલીસે દારૂની નાની મોટી બોટલો, જી.જે.૦૩ બીવાય ૭૭૬૯ નબરનો ૨૦ લાખનો ટ્રક એક મોબાઇલ સહિત રૂ. ૧,૫૯,૮૪,૮૦૦નો મુદ્દામલ કબજે કરી દારુ મંગાવનાર, મોકલનાર અને ભરનારની શોધખોળ આદરી છે. મુદામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

જાગૃત લોકોમાં ચર્ચા થતી હતી કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય પક્ષોના માણસોને મોજ કરાવવા છેક હરીયાણાથી દારુ મંગાવાયો છે અને ૧૧૦૦ કિમી દારુ લોડેડ ટ્રક તમામ ચેકપોસ્ટ પરથી પાર થઈને છેક ગુજરાતના જામનગર સુધી પહોચી ગયો તે વાતમાં સંબંધિત પોલીસ તંત્રની ‘‘ખાળે ડૂચા, દરવાજા મોકળા‘‘જેવી નીતિ સાબિત થઇ રહી છે.

### રાજકોટ જીલ્લામાં ૧૦ વર્ષમાં ૧૦૨ ગુના આચરી ચુકેલા ૧૭ પૈકીના ૧૨ ગુનેગારોને કરાયા જેલભેગા

# કાળીયો-ઈમલા ગેંગના ૧૭ સાગરીતો સામે ગુજસીટોક

## સંગઠિત ગુનાખોરીની ગેંગને એક પછી એક જેલના સળિયા ગણાવવાનો પોલીસનો સિલસિલો યથાવત

રાજકોટ, તા.૯

સૌરાષ્ટ્રમાં ગુનાખોરી ડામવા માટે રાજકોટ જિલ્લા પોલીસે લાલ આંખ કરી છે. જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં વર્ષોથી આતંક મચાવતી બે કુખ્યાત ગેંગ-'કાળીયો ગેંગ' અને 'ઈમલા ગેંગ' સામે પોલીસે સકંજો કસ્યો છે. સૌથી કડક કાયદા પૈકીના એક એવા 'ગુજસીટોક' હેઠળ આ બંને ગેંગના ૧૭ સભ્યો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. બંને ગેંગના ૧૭ સાગરીતોએ ૧૦૨ ગુના આચરીને કહેવાય છે કે આતંક મચાવ્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ બંને ટોળકીઓ છેલ્લા એક દાયકાથી સક્રિય હતી અને ટોળકીની લુખ્ખાગીરી, ગુંડાગીરીથી પ્રજા ત્રસ્ત બની હતી. કાળીયો ગેંગના ૯ સભ્યો સામે અને ઈમલા ગેંગના ૮ સભ્યો સામે ગુજસીટોક હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવતા ગુનાખોરી સાથે સંકળાયેલા તત્વો ફફડી ગયા છે.

રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરએ જણાવ્યું હતું કે, આ શખ્સો વિરુદ્ધ રાજકોટ જિલ્લા ઉપરાંત સમગ્ર સૌરાષ્ટ્રના વિવિધ પોલીસ મથકોમાં લૂંટ, ધાડ, હત્યાનો પ્રયાસ અને ખંડણી જેવા કુલ ૧૦૨ ગુનાઓ છેલ્લા ૧૦ વર્ષમાં નોંધાઈ ચૂક્યા છે. આ ટોળકીઓ સંગઠિત થઈને ગુનાહિત પ્રવૃત્તિઓ ચલાવતી હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. એસપી ગુર્જરના જણાવ્યા પ્રમાણે રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા આ મામલે ત્વરિત કાર્યવાહી કરતા બંને ગેંગના મળીને કુલ ૧૨ સભ્યોની ધરપકડ કરી લેવામાં આવી છે. બાકી રહેલા આરોપીઓ પૈકી જેઓ હાલ અન્ય ગુનામાં જ્યુડિશિયલ કસ્ટડીમાં છે, તેઓનો જેલમાંથી કબ્જો મેળવવા માટેની કાયદેસરની તજવીજ હાથ ધરવામાં આવી છે. જ્યારે ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવીને ચક્રો ગતિમાન કર્યા છે.

એકસાથે બે મોટી ગેંગ પર ગુજસીટોક હેઠળ કાર્યવાહી થતા ગુનાહિત તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.





જિલ્લા પોલીસ વડાની આ સીધી કાર્યવાહીથી સંગઠિત ગુનાખોરીના નેટવર્કને તોડવામાં મોટી સફળતા મળી છે. આગામી દિવસોમાં આ ગેંગના સભ્યોની પૂછપરછમાં અન્ય કેટલાય વણઉકેલ્યા ગુનાઓ પરથી પડદો ઊંચકાય તેવી શક્યતા હોવાની પોલીસને આશા છે.

રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરએ વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં આતંક મચાવનારી 'કાળીયો ગેંગ' પર ગુજસીટોક હેઠળ ગાળિયો કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. છેલ્લા ૧૦ વર્ષથી સમગ્ર સૌરાષ્ટ્રમાં ચોરી, લૂંટ અને શરીર સંબંધી ગંભીર ગુનાઓ આચરતી કુખ્યાત 'કાળીયો ગેંગ'ના ૯ સભ્યો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ટોળકીના સભ્યોએ સૌરાષ્ટ્રના અલગ-અલગ જિલ્લાઓમાં ૪૭ ગુના આચર્યા હોવાનું સામે આવ્યું છે. આ ટોળકીનો મુખ્ય સૂત્રધાર રણજીત ઉર્ફે રાહુલ ઉર્ફે કાળીયો ધીરુ સોલંકી છે. આ ગેંગ સંગઠિત થઈને પૂર્વ આયોજિત કાવતરા કરી ઘરફોડ ચોરી, વાહન ચોરી અને ખૂન જેવા ગંભીર ગુનાઓને અંજામ આપતી હતી. પોલીસ તપાસમાં આ ગેંગે સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં તરખાટ મચાવી રાજકોટ જિલ્લા વિસ્તારોના શહેરો અને ગામડાઓમાં ૨૭ અને જૂનાગઢમાં ૬, રાજકોટ શહેર અને અમરેલીમાં ૪-૪ ગુના તેમજ બોટાદ, ગીર સોમનાથ, જામનગર, સુરેન્દ્રનગર અને ભાવનગરમાં પણ ચોરીના ગુના નોંધાઈ ચુક્યા છે.

આ ઉપરાંત રાજકોટ સહિત સૌરાષ્ટ્રની કુખ્યાત ઈમલા ગેંગના ૮ સભ્યો સામે પણ ગુજસીટોક હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેના વિરુધ્ધ છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૫૫ ગુના નોંધાઈ ચુક્યા છે. આ ગેંગનો મુખ્ય સાગરીત આરોપી ઈમરાન ઉર્ફે ઈમલો હસનભાઈ કટારીયાએ પોતાના સાગરીતો સાથે મળીને એક સંગઠિત ગુનાહિત સિન્ડિકેટ બનાવી ખૂનની કોશિશ, ગંભીર ઈજા, આર્મ્સ એક્ટ, પ્રોહિબિશન અને જુગાર જેવા કુલ ૨૩ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. તેમનો મુખ્ય હેતુ આર્થિક લાભ મેળવવા માટે વિસ્તારમાં ભયનું વાતાવરણ ઉભું કરી જાહેર શાંતિનો ભંગ કરવાનો હતો તેવું પોલીસે જણાવ્યું હતું.



### કાળીયો ગેંગમાં કોણ કોણ સાગરિત ?

કાળીયો ગેંગના ૯ આરોપીઓ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધી ૬ ને દબોચી લીધા છે. તેમાં રણજીત ઉર્ફે રાહુલ ઉર્ફે કરો ઉર્ફે કાળીયો ધીરૂ સોલંકી, દેવચંદ ધીરૂ સોલંકી, નારણ ઉર્ફે નરેશ ધીરૂ સોલંકી, જીતેશ ઉર્ફે કટ્ટી ઉર્ફે જીતો નવલ ઉર્ફે મુની વાઘેલા, પ્રકાશ ઉર્ફે પકો સવજી ઉર્ફે સવા વાઘેલા તેમજ સાગર અશોક ઉર્ફે બાવ ચારોલીયાની ધરપકડ કરી છે. જયારે વિજય ઉર્ફે વિજુ ઉર્ફે વિજલો અમરશી ચારોલા હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. તેનો જેલમાંથી કબ્જો મેળવવામાં આવશે અને ફરાર અન્ય ૨ આરોપીમાં ઈનેશ ઉર્ફે યુનુસ ઉર્ફે ડીડી નવલ ઉર્ફે મુની વાઘેલા અને વિક્રમ ઉર્ફે વિકુ ઉર્ફે વિજય ધીરૂ સોલંકીને ઝડપી લેવા કવાયત આદરાઈ છે.

### ઈમલા ગેંગમાં કોણ કોણ સામેલ ?

ઈમલો ગેંગના ૮ આરોપીઓ પૈકી ૬ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. જેમાં ઈરફાન ઉર્ફે ઈકુ હસન ઉર્ફે જમાલ કટારીયા, ઈમરાન ઉર્ફે ઈમલો હસન ઉર્ફે જમાલ કટારીયા, શકીલ હસન ઉર્ફે જમાલ કટારીયા, હસન ઈસ્માઈલ કટારીયા, સરફરજ ઉર્ફે નોડી હુશેન શેખ, શાહરૂખ ઈબ્રાહીમ માંડલીયાની ઝડપી લેવાયા છે. જ્યારે નવાજ ઉર્ફે બાંબુટ દિલાવર પઠાણ, હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે અને હુશેન ઉર્ફે ભોલીયો દિલાવર મકરાણીની શોધખોળ આદરાઈ છે.

### બંને ગેંગની ૧૦ વર્ષની ક્રાઈમ કુંડળી

ઈરફાન ઉર્ફે ઈકુ હસન કટારીયા વિરુદ્ધ ખૂનની કોશિશના ૨, ગંભીર ઈજા ૧, સામાન્ય ઈજા ૧ અને પ્રોહીબિશનના ૮ ગુના મળી ૧૨ ગુના નોંધાઈ ચુક્યા છે. ઈમરાન ઉર્ફે ઈમલો હસન કટારીયા વિરુદ્ધ ખૂનની કોશિશનો ૧, ગંભીર ઈજા ૨, સામાન્ય ઈજા ૨, આર્મ્સ એક્ટ ૧ અને પ્રોહીબિશનના ૪ મળી ૧૦ ગુના નોંધાઈ ચૂક્યા છે. હુસેન ઉર્ફે ભોલીયો દિલાવર મકરાણી વિરુદ્ધ ગંભીર ઈજા ૨, સામાન્ય ઈજા ૨, આર્મ્સ એક્ટ ૨ અને પ્રોહીબિશનો ૧ મળી ૭ ગુના નોંધાઈ ચૂક્યા છે. શકીલ હસન મકરાણી વિરુદ્ધ ગંભીર ઈજાનો ૧ અને સામાન્ય ઈજાનો ૧ મળી બે ગુના નોંધાઈ ચૂક્યા છે. આરોપી હસન ઈસ્માઈલ કટારીયા વિરુદ્ધ ખૂનની કોશિશનો ૧, ગંભીર ઈજાનો ૧ અને દારૂનો એક મળી ૩ ગુના નોંધાઈ ચૂક્યા છે. સરફરાજ ઉર્ફે નોડી હુસેન શેખ વિરુદ્ધ ગંભીર ઈજા અને એક દારૂનો એમ બે ગુના નોંધાઈ ચૂક્યા છે. નવાઝ ઉર્ફે બાંબુટ દિલાવર પઠાણ અને શાહરુખ ઈબ્રાહિમ માંડલીયા વિરુદ્ધ ગંભીર ઈજાના એક-એક ગુના નોંધાઈ ચુક્યા છે.

---

### મારી પત્નીને મૂકી દેજે નહીતર પતાવી દઈશ તેવું કહી

# મૈત્રી કરારમાં રહેતા યુવાનને મહિલાના પતિની ધમકી



### કુવાડવા રોડ પોલીસે બે ધમકીખોર સામે નોંધ્યો ગુનો : PGVCLના હેલ્પરને જ્યાં જમવા જતો હતો તેની પત્ની સાથે થઇ ગયો પ્રેમ !

રાજકોટ, તા.૯

કુવાડવામાં ધારા સોસાયટીમાં, પરિણીત મહિલા સાથે મૈત્રી કરારમાં રહેતા યુવાનને જાનથી મારી નાખવાની ધમકી ઉપરાંત ઝપાઝપી કરીને ઝઘડો કરવા બદલ પરિણીતાના પતિ સંજય ધીરુ જેઠવા સહિત બે શખ્સો સામે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને હુમલાખોર સામે ગુનો નોંધીને ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ કુવાડવા ગામની, શિવધારા સોસાયટી શેરી નંબર - ૨ માં ઉમંગભાઇ જાગાણીના મકાનમાં ભાડેથી રહેતા ગૌરવભાઈ કનુભાઈ તડવીએ પોલીસમાં કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ ઉપરના સરનામે પરિવાર સાથે રહે છે તેમજ કુવાડવા ગામ ખાતે પીજીવીસીએલના હેલ્પર તરીકે નોકરી કરે છે.

૧૫ વર્ષ પહેલા તેમના લગ્ન તેમના વતન તેનતલાવ ગામના નરેન્દ્રભાઈ તડવીની દીકરી દિપિકા સાથે થયા હતા. તેમને સંતાનમાં એક ૧૧ વર્ષની દીકરી વંશીકા તેમજ ૮ વર્ષનો એક દીકરો છે. બે વર્ષ પહેલા તેમની નોકરી પીજીવીસીએલ મેંદરડા ખાતે હતી અને તે મેંદરડા ગામમાં ભાડાના મકાનમાં રહેતો હતો અને સંજયભાઈ ધીરુભાઈ જેઠવાના ઘરે જમવા જતો હતો. તે દરમિયાન તેમને સંજય જેઠવાની પત્ની જ્યોતિબેન સાથે પરિચય થયો હતો અને બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. બાદમાં એકાદ વર્ષ પહેલા તેમની મેંદરડા ખાતેથી ટ્રાન્સફર રાજકોટ તાલુકાના ત્રંબા કસ્તુરધામ ખાતે થતા તે ત્રંબા ખાતે રહેવા આવી ગયો હતો. બીજી બાજુ ગૌરવ તડવી અને જ્યોતિને સાથે રહેવું હોય બંનેએ તેમની મરજીથી ૧૫.૧૧.૨૦૨૫ના રોજ જુનાગઢ ખાતે નોટરી કરાર કરીને મૈત્રી કરાર કર્યા હતા. બાદમાં ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ગૌરવને જ્યોતિબેને ફોનમાં વાત કરી હતી કે મારે તારી સાથે જ રહેવું છે અને મારે મારા પતિ સંજય સાથે રહેવું નથી તમો મને અહીંથી તેડી જાવ. જેથી ગૌરવ તે દિવસે મેંદરડા ગામ ગયો હતો અને જ્યોતિબેન ને તેમની સાથે તેડીને બંને કસ્તુરબાધામ ખાતે આવી ગયા હતા. ગૌરવ એકલો રહેતો હોવાથી તે જ્યોતિબેન સાથે રહેવા લાગ્યો હતો

સમય જતા જ્યોતિબેનના પતિ સંજયભાઈનો ગૌરવને ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તું કેમ મારી પત્ની જ્યોતિને લઈ ગયો છો ? બાદમાં ગઈ તારીખ ૭-૨-૨૦૨૬ના રોજ સવારના ૯-૪૫ વાગ્યાની આસપાસ ગૌરવ કુવાડવા ગામ ખાતે તેમનું બાઈક લઈને નોકરી પર જતો હતો. ત્યારે કુવાડવા ગામ વાંકાનેર ચોકડી પાસે જ્યોતિબેનના પતિ સંજય જેઠવા અને તેની સાથે એક અજાણ્યા માણસ કે જે મહાદેવના નામે ઓળખાય છે તે બંને ધસી આવ્યા હતા. અને જ્યોતિબેનના પતિએ ગૌરવનું બાઈક ઊભું રખાવ્યું હતું. અને કહ્યું હતું કે તું કેમ મારી પત્ની જ્યોતિને લઈ ગયો છો ? તેમ કહી તેમની સાથે ઝપાઝપી કરવા લાગ્યો હતો. આવા સમયે તેની સાથે રહેલા અજાણ્યા માણસ મહાદેવે ગૌરવ ના શર્ટનો કોલર પકડીને મારામારી કરી હતી. સંજય જેઠવા તથા તેની સાથે આવેલા માણસે કહેલ કે તું મારી ઘરવાળી જ્યોતિબેનને મૂકી દેજે નહિતર તને અમો બંને જણા જાનથી મારી નાખીશું. તેમ કહી આ બંને જણા જતા રહ્યા હતા. બાદમાં ગૌરવે આ બનાવની તેમની ઓફિસના સંજયભાઈને જાણ કરી હતી અને તેમની સાથે રહેતા જ્યોતિબેનને પણ કરી હતી. આ બનાવ બાબતે ગૌરવ તેમજ જ્યોતિબેને નક્કી કરી આ ફરિયાદ કરતા પોલીસે જ્યોતિના પતિ સંજય અને તેમની સાથેના મહાદેવ સામે ગુનો નોંધીને બંનેની ધરપકડની તજવીજ હાથ ધરી છે.

---

### તને નોકરાણી તરીકે લાવ્યા છીએ, તારે કચરા-પોતા જ કરવાના !

# રાજકોટની મહિલાને બોટાદના સાસરિયાઓ દ્વારા અનહદ ત્રાસ

**પરિણીતાએ પતિ, સાસુ-સસરા, જેઠ, જેઠાણી, નણંદ અને નણદોયા સામે નોંધાવી ફરિયાદ**

રાજકોટ, તા.૯

કોઠારીયા રોડ પર રહેતી પરણીતાએ શારીરિક માનસિક ત્રાસ આપવા બદલ તેમના પતિ, સાસુ, જેઠ, જેઠાણી, નણંદ અને નણદોયા સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને છએ આરોપીને ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ બાલાજી એપાર્ટમેન્ટ, ચોથો માળ ફ્લેટ નંબર ૪૦૫, કોઠારીયા રોડ પર રહેતા જયદીપભાઇ ધોળકિયાના પત્ની અને સુરેશભાઈ વાગડીયાના પુત્રી કિરણબેનએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવીને આરોપી તરીકે ત્રિકોણીયા ખોડીયાર, આનંદધામ ગ્રીન સિટી, બોટાદમાં રહેતા પતિ જયદીપ ચંદ્રકાંત ધોળકિયા, સાસુ હીનાબેન ચંદ્રકાંત ધોળકિયા, જેઠ સંદીપભાઈ ચંદ્રકાંતભાઈ ધોળકિયા, જેઠાણી પ્રિયંકાબેન સંદીપભાઈ ધોળકિયા તેમજ નણંદ ચાર્મી બેન ક્રીસાંગભાઈ વેડીયા અને નણદોયા ક્રીસાંગ મહેશભાઈ વેડીયાના આરોપી તરીકે નામ આપ્યા છે.

કિરણબેન જયદીપભાઇ ધોળકિયાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે ઉપરના સરનામે તેણી તેમના પિતા સાથે એક વર્ષથી રહે છે. ૭-૧૨-૨૦૨૪ ના રોજ તેમના લગ્ન આનંદધામ, ગ્રીન સિટી સોસાયટી ત્રિકોણીયા ખોડિયારનો ખૂણો બોટાદ ખાતે રહેતા ચંદ્રકાંત જયંતીલાલ ધોળકિયાના પુત્ર જયદીપ સાથે થયા હતા. તેમનું લગ્ન જીવન દોઢેક વર્ષનું છે. જેમાં બંને અઢી મહિના સાથે રહ્યા છે. અને લગ્ન જીવનથી સંતાનમાં કોઈ બાળકો નથી. લગ્ન બાદ કિરણબેન તેમના સાસરિયામાં પતિ, સાસુ, જેઠ, જેઠાણી અને જેઠાણીના બે સંતાન એમ સંયુક્ત પરિવારમાં બોટાદ ખાતે સાથે રહેતા હતા.

કિરણબેને ફરિયાદમાં એવું પણ જણાવ્યું છે કે લગ્ન બાદ દસેક દિવસ તેમનો સંસાર સારો ચાલ્યા બાદ પતિ-પત્ની વચ્ચે નાની નાની વાતમાં ઝઘડાઓ થવા લાગ્યા હતા. તેમનો પતિ કહેતો હતો કે તું મને ગમતી નથી અને મારા લગ્ન પરાણે કરાવ્યા છે. ત્યારબાદ પતિ દારૂ પીને આવતા અને ગાળો આપતા હતા. અલગ અલગ છોકરીઓના ફોટા બતાવતા હતા અને કહ્યું હતું કે જો આ બધા સાથે મારે સંબંધ છે અને હું તો તને નોકરાણી તરીકે લાવેલો છું. તારે તારા પરિવાર સાથે સંબંધ રાખવાનો નથી. અને તેમની જેઠાણીના છોકરા ના કર(મુંડન) હતા ત્યારે કિરણબેનના મમ્મી બોટાદ આવ્યા હતા. ત્યારે તેમના પતિએ કિરણબેનના મમ્મીને કહ્યું હતું કે તમારી છોકરી મને ગમતી નથી, તમે તેને લઈ જાવ. તે સમયે કિરણબેનના મમ્મીએ કોઈ પ્રત્યુતર આપ્યો ન હતો અને પિયર જતા રહ્યા હતા. બાદમાં રાત્રિના પતિએ કિરણબેનને કહેવા લાગ્યો હતો કે તારા મમ્મી તને ઘરે ના લઈ ગયા ? એમ કહી કિરણબેનને એક ઝાપટ મારી હતી. અને મારા સાસુ મને રસોડામાં આવવા દેતા નહીં, અને એમ કહેતા તને નોકરાણી તરીકે લાવ્યા છીએ તારે કચરા પોતા કરવાના છે. અને મારા સાસુ મને કહેતા કે તું તારા ઘરે જા તો ત્યાં કોઈને પણ કહેવાનું નથી અને મારા જેઠ મને કહેતા કે અમે જયદીપની પહેલી સગાઈ કેશોદ કરેલી હતી. ત્યાં પણ તે લોકોને અમે પહોંચી વળ્યા હતા અને અમે તમને પહોંચી વળીશું. મારા જેઠાણી સાથે ઘરકામ વખતે મને બોલતા હતા અને મને ઘરકામ કરાવતા હતા અને કહેતા હતા કે તારો પતિ હું કહીશ તેમ કરશે. મારા નણંદ ત્યાં આવતા અને કહેતા કે તું મારા ભાઈને લાયક નથી અને નણદોયા એવું કહેતા કે તું કઈ બોલતી નહીં. આવી રીતે સાસરિયાના તમામ લોકો તેના પતિને સાથ આપતા હતા. સાસરિયામાં સતત શારીરિક માનસિક ત્રાસ મળતો હોવાની જાણ કર્યા બાદ કિરણબેનને તેમનો ભાઈ તેમના પિયર ગોંડલ ખાતે લઈ ગયો હતો. દરમિયાન કિરણબેનના મામાના ઘરે સમાધાન માટે બધા ભેગા થયા હતા પરંતુ સમાધાન થયું નહોતું. આવી રીતે સાસરીયાઓ હેરાન કરતા હોવાથી કિરણબેને મહિલા પોલીસ સ્ટેશને તેમના ભાઈ જયભાઈ સુરેશભાઈ વાગડિયા અને સોનલબેન સુરેશભાઈ વાગડિયા સાથે પહોંચીને સાસરિયાંઓ સામે ફરિયાદ કરતા પોલીસે તમામ સાસરીયાઓની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

# ભાજપની જિ. પં.-પાલિકાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર

## સુરેન્દ્રનગર, અરવલ્લી, વડોદરા તથા વાવ થરાદની નગરપાલિકા તથા જિલ્લા પંચાયતની બેઠકો માટે નામો જાહેર




રાજકોટ, તા. ૯

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ ગુજરાતમાં તમામ પક્ષો પ્રચાર કરી રહ્યા છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ તબક્કાવાર નગરપાલિકા, મહાનગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી રહ્યું છે. ત્યારે સેન્સ પ્રક્રિયા બાદ હવે ભાજપે પણ પોતાના ઉમેદવારો જાહેર કરવાની શરુઆત કરી છે. ગાંધીનગરમાં ભાજપની બેઠકનો ધમધમાટ શરૂ થયા બાદ ઉમેદવારો જાહેર કરવાની શરુઆત થઈ છે. ભાજપે સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી છે. અરવલ્લી જિલ્લા અને તાલુકા પંચાયતના ઉમેદવારો યાદી જાહેર કરી છે. મોડાસા, ભિલોડા, બાયડ, ધનસુરા તા.પંની યાદી જાહેર કરી છે. શામળાજી, સાઠંબા તાલુકા પંચાયતની ભાજપની યાદી જાહેર કરવામાં આવી છે. મોડાસા અને બાયડ નગરપાલિકામાં ભાજપે ઉમેદવારો જાહેર કર્યા છે. ચૂંટણી સમિતિની બેઠકમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે ભાજપના ઉમેદવારોના પસંદગીની પ્રક્રિયા પર ઊંડાણપૂર્વક ચર્ચા અને મંથન કરવામાં આવ્યું હતું. હવે ભાજપ દ્વારા ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે.

અરવલ્લી જિલ્લાની મોડાસા નગરપાલિકાના ૬ વોર્ડના ૨૪ અને બાયડ નગરપાલિકાના ૬ વોર્ડના ૨૪ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે. મોડાસા તાલુકા પંચાયતના ૨૦, ભીલોડા તાલુકા પંચાયતના ૨૦, બાયડ તાલુકા પંચાયતના ૧૮, માલપુર તાલુકા પંચાયતના ૧૬, મેઘરજ તાલુકા પંચાયતના ૨૨, શામળાજી તાલુકા પંચાયતના ૧૬ અને સાઠંબા તાલુકા પંચાયતના ૧૬ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. ઈજ્જ તરીકે તાજેતરમાં જ મનોજ નિનામાએ રાજીનામુ ધરી દીધુ હતું અને આજે વિધિવત રીતે ભાજપમાં જોડાઇ ગયા હતા. રાજીનામા બાદ ઈજ્જ મનોજ નિનામાએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ૪૨ વર્ષની નોકરી બાદ રાજીનામું આપ્યું છે. સમાજનું ઋણ મારા પર છે જેને જવાબદારી સમજી આગળ વધુ છું.અરવલ્લી જિલ્લા પંચાયતની ઓડ બેઠક પરથી ભાજપે તેમને ઉમેદવાર બનાવ્યા છે.

વડોદરા જિલ્લા પંચાયતની ૩૪ બેઠક માટે ભાજપાએ પોતાની યાદી જાહેર કરી દીધી છે. જો કે આ વખતે મોટાભાગની બેઠકોનું રોટેશન બદલાતા જે નવા ચહેરાઓની અપેક્ષા હતી તેના કરતા જુના જોગીઓના જ પરિવારજનોને ટિકિટો મળી હોવાનું ધ્યાને આવ્યું છે. મોટાભાગની બેઠકો ઉપર ધારાસભ્યોના નિકટના વ્યક્તિઓને જ ટિકિટ અપાઈ હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. જિલ્લાના પાંચ ધારાસભ્યોની દબદબો જિલ્લા પંચાયતની ઉમેદવારીમાં રહ્યો હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

ભાજપના મુરતિયાઓ આતુરતાથી જેની રાહ જોઈને બેસ્યા હતા, તેનો અંત આવ્યો છે. કારણ કે, ભાજપે આખરે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારોની જાહેરાત કરવાની શરૂઆત થઈ છે. એક યાદી આવી છે, એટલે બાકીના જિલ્લા અને મહાનગરપાલિકાઓ માટે ઉમેદવારોની યાદી તબક્કાવાર જાહેર કરવામાં આવશે. પૂર્વ આઈપીએસ હજી આજે જ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને ભાજપમાં જોડાયા હતા, તેઓને ચૂંટણી જંગમાં ઉતારવાનો નિર્ણય ભાજપે લીધો છે. હવે તેઓ ભાજપ તરફથી ચૂંટણી લડશે. આમ, પી.સી.બરંડા બાદ બીજા ઓફિસર છે, જેઓએ રાજકારણમાં ઝંપલાવ્યું છે.

ભાજપે જાહેર કરેલી પ્રથમ યાદી પર નજર કરીએ તો, સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં રિપિટ ની થિયરી દેખાઈ રહી છે. સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં ભાજપે તમામે તમામ ૫૨ ઉમેદવારોના નામની જાહેરાત કરી દીધી છે. તો અન્ય પાલિકામાં અનેક નામ રિપીટ થયા છે, અને અનેકોના પત્તા કપાયા છે. ભાજપે પોતાના નિયમોના જાળવવાનો પ્રયાસો કર્યા છે. તો કેટલીક જગ્યાઓએ પર બાંધછોડ કરીને પોતાના જ નિયમો કોરાણે મૂક્યા છે.

### સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ૧૩ વોર્ડના ૫૨ ઉમેદવારો જાહેર

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા બન્યા બાદ પ્રથમ ચૂંટણી યોજાઈ રહી છે. ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા ૧૩ વોર્ડના ૫૨ ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૧૦ ઉમેદવારો એવા છે કે જેઓ નગરપાલિકામાં પણ હતા. જેઓ ત્રણ ટર્મ ચૂંટણી લડ્યા અને જેમની ઉંમર ૬૦ વર્ષથી વધુ છે, એમના પત્તા કપાયા છે. એમાં સુરેન્દ્રનગર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જીજ્ઞાબેન પંડ્યાનો પણ સમાવેશ થાય છે. પૂર્વ નગરપાલિકા ઉપ પ્રમુખ અને કારોબારી ચેરમેનના પણ આ મહાનગરપાલિકા ચૂંટણીમાં પત્તા કપાયા છે.

# ચૂંટણી અધિકારીઓને ’સ્પેશ્યલ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ’ પાવર્સ એનાયત

રાજકોટ, તા. ૯

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ માટે મેજીસ્ટ્રીયલ પાવર ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારી તથા મદદનીશ ચૂંટણી અધિકારી નિશ્ચિત સમયગાળા અને કાર્યક્ષેત્ર માટે સ્પેશ્યલ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકેના પાવર્સ એનાયત કરવામાં આવતા હોય છે. જેના અનુસંધાને રાજકોટ જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. ઓમ પ્રકાશ દ્વારા સુધારા હુકમ મારફતે રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંદર્ભે ચૂંટણી અધિકારીઓને ૩૦ એપ્રિલ સુધી ’સ્પેશ્યલ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ’ ના પાવર્સ એનાયત કરાયા છે.

જે અંતર્ગત જિલ્લાના મહત્વના મતદાર મંડળો માટે જિલ્લા પુરવઠા અધિકારી (રાજકોટ શહેર)ને ૧ આણંદપર, ૪ બેડલા,૧૮ કુવાડવા, ૩ બેડી, ૧૪ કસ્તુરબાધામ અને ૨૯ સરધાર વિસ્તાર માટે તેમજ રાજકોટ જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારીને ૧૬ કોલકી, ૨૩ મોટી પાનેલી અને ૧૧ ડુમિયાણી વિસ્તાર માટે ’સ્પેશ્યલ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ’ ના પાવર્સ એનાયત કરાયા છે.આ જાહેરનામું ૩૦ એપ્રિલ સુધીના સમયગાળા માટે અમલી રહેશે.

# ૩૨૦૦થી વધુ પોસ્ટર્સ, બેનર્સ વગેરે પ્રચારાત્મક સામગ્રી દૂર કરાઈ

## રાજકોટ જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો કડક અમલ

રાજકોટ, તા. ૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓની સાથે આદર્શ આચારસંહિતાનો કડકાઈથી અમલ થઈ રહ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૨૦૦થી વધુ જગ્યાએથી દિવાલ પરના લખાણો, પોસ્ટર્સ, બેનર્સ સહિતની રાજકીય પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લાના આચાર સંહિતાના નોડલ અધિકારી તથા અધિક કલેક્ટર કચેરી તરફથી મળતી વિગતો મુજબ, રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં જાહેર મિલકતો પરથી ૩૧૯૧ પ્રચારાત્મક સામગ્રી હટાવી દેવામાં આવી છે. જેમાં ૫૩૭ દિવાલ પરના લખાણો મિટાવાયા છે. આ સાથે ૨૩૦૭ પોસ્ટર્સ, ૨૫૩ બેનર્સ, ૯૪ અન્ય મળીને પ્રચાર સામગ્રી હટાવી દેવાઈ છે. ખાનગી મિલકતો પરથી આવી ૨૦ જેટલી સામગ્રી દૂર કરવામાં આવી છે. આમ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૩૨૧૧ પ્રચારાત્મક સામગ્રી હટાવી દેવાઈ છે.

# રાજકોટની બેઠક નક્કી કરવામાં ભાજપની મડાગાંઠ

## ૨૭ ટકા ઓબીસી અનામતનો અમલ થતા અનેક બેઠકોના સમિકરણો બદલાઈ ગયા

રાજકોટ, તા. ૯

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે હાલ દરેક રાજકીય પક્ષો એડીચોટીનું જોર લગાવી રહ્યું છે અને ઉમેદવારોના નામની જાહેરાત કરી રહ્યું છે. ત્યારે હાલ ભાજપમાં પણ ઉમેદવારોને નક્કી કરવામાં ઘણી મથામણ કરવી પડી રહી છે. હાલ મહાનગરપાલિકા , તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠક પર ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી રહી છે. ત્યારે ગઈકાલે ભાજપે પણ પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. રાજકોટ સૌરાષ્ટ્ર માટે હાલ ઉમેદવારોના નામો અંગે ઘણું ખરું લોબિંગ થઇ રહ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાની ટિકિટ માટે માથા તેટલા દાવા જેવી સ્થિતિ સર્જાતા રાજકોટ મનપાના ઉમેદવારોની પસંદગી ગોટે ચડી છે અને ભારે ખેંચતાણ વચ્ચે ભાઇ-ભત્રીજા, સંતાનો તથા મામકાઓને ટિકિટ અપાવવા ભાજપના તમામ જુથોના નેતાઓ ગાંધીનગરમાં જ ધામા નાખ્યા છે અને તેના કારણે કોકડુ વધુ ગુંચવાઇ રહ્યું છે. શનિવારે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ છે ત્યારે ભાજપે ઉમેદવારોની યાદી જાહેર થવાની શકયતા છે.

પાલિકા-પંચાયતોના ઉમેદવારો નક્કી કરવા યોજાઇ રહેલી ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો છેલ્લો દિવસ હતો ત્યારે મોડી રાત સુધી બેઠક ચાલે તેવી શકયતા છે. ગુજરાતભરના ભાજપના નેતાઓએ ટિકિટના લોબિંગ માટે છેલ્લા ત્રણ દિવસથી ગાંધીનગરમાં ધામા નાખ્યા હોવાથી ભારે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

રાજકોટ મહાનગરપાલિકના ૧૮ વોર્ડના ૭૨ ઉમેદવારો નકકી કરવા માટે છેલ્લા બે દિવસથી મથામણ ચાલી રહી છે. પરંતુ યાદી બપોર સુધી ફાઇનલ થઇ શકી નથી. ૨૭ ટકા



ઓબીસી અનામતનો અમલ થતા અનેક બેઠકોના સમિકરણો બદલાઇ ગયા છે જેના કારણે જુના જોગીઓ વોર્ડની અદલા-બદલી માટે તડજોડ કરી રહ્યા છે.આ સિવાય ઓબીસી સમાજની સૌથી વધુ બેઠકો ઉપર ઓબીસી સમાજે દાવો કર્યો છે. ઓબીસી સમાજમાં નાની-મોટી ૧૨૦ જ્ઞાતિઓ આવે છે. પહેલી યાદીમાં કોંગ્રેસે ૨૪૩ ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા, જેમાં મનપાના જ ઉમેદવારોના કેટલાક નામ જાહેર કરવામાં આવ્યા હતા. બાકી રહેલા ઉમેદવારોના નામને લઈને આજે પ્રદેશ કોંગ્રેસની મહત્વપૂર્ણ બેઠક શરુ થઈ ગઈ. રાજીવ ગાંધી ભવનને બદલે અન્ય ગુપ્ત સ્થળે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

મોડી સાંજથી શરૂ થયેલી આ બેઠકમાં વહેલી સવાર સુધી ઉમેદવારોના નામ પર મંથન કરશે.ઉલ્લેખનીય છે કે, નેતાઓ પોતાના નજીકના લોકોને ટિકિટ આપવા માટે આવી જતા હોવાથી ગુપ્ત સ્થળ પર બેઠક રાખવામાં આવી છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઉમેદવારોના નામને લઈને ચર્ચા થયા બાદ આખરી મહોર લગાવવામાં આવશે. જોકે, કોંગ્રેસની બેઠક શરૂ થતા જ કેટલાક ઉમેદવારોને ચૂંટણી લડવા માટેની તૈયારીઓ શરૂ કરવા ટેલિફોનિક જાણ કરવામાં આવી રહી છે.

# કોંગ્રેસ આજથી ચૂંટણીના ફોર્મ ભરશે

## વોર્ડ ૧૫નો પ્રશ્ન હજુ પણ પેચીદો : બાકી રહેતા ૩૨ નામોની જાહેરાત અંગે અનેક પ્રશ્નો

રાજકોટ, તા. ૯

મહાનગરપાલિકાની સાથોસાથ જિલ્લા પંચાયત તથા નગરપાલિકાની ચૂંટણીઓના ફોર્મ ભરવામાં હવે એક જ દિવસ બાકી રહ્યો છે ત્યારે કોંગ્રેસે હજુ ૩૨ નામો જાહેર કરવાના બાકી રહ્યા છે જે તાકીદે જાહેર કરી દેશે તેવું સૂત્રો જણાવી રહ્યા છે. બીજી મહત્વની વાત એ છે કે હાલ વોર્ડ નંબર ૧૫ માં જે પ્રશ્નો સર્જાયા છે તેનો ઉકેલ હજી સુધી આવ્યો નથી અને ગઈકાલે બપોરના પણ આ બાબતે પ્રદેશ કક્ષાએ ખાસ ચર્ચા યોજવામાં આવી હતી ત્યારે બાકી નામો જાહેર કર્યા બાદ આજથી કોંગ્રેસના ઉમેદવારો ફોર્મ ભરવાનું શરૂ કરશે તેવું પણ જાણવા મળ્યું છે.

કોંગ્રેસના સુત્રોએ જણાવ્યું હતું કે પાર્ટી દ્વારા કોર્પોરેશનના ઉમેદવારોની જાહેર કરાયેલી પ્રથમ યાદીમાં ૪૦ નામો જાહેર કરી દેવામાં આવ્યા હતા. બાકીના ૩૨ નામો જાહેર થઇ જવાની સંભાવના છે. જો કે વોર્ડ નં.૧૫ના ઉમેદવારો જાહેર થાય છે કે કેમ તે હજુ નક્કી નથી. કારણ કે સાગઠીયા અને સોરાણી વચ્ચેની મડાગાંઠ યથાવત રહી છે. પ્રવિણ સોરાણી ખુદ પોતે ચૂંટણી જંગમાં ઉતરવા માંગે છે.

પાર્ટી નેતાગીરી તેમના પરિવારને ટીકીટ આપવાનો આગ્રહ કરી રહી છે અને આ મામલે મુદ્દો પેચીદો બન્યો છે. ગઇકાલથી પ્રદેશ નેતાગીરી સમજાવટના પ્રયત્નો કરતી હોવા છતાં કોઇ ઉકેલ આવ્યો નથી. પ્રદેશ નેતાઓએ ફરી વખત લોકલ નેતાઓ સાથે બેઠક કરી હતી અને રાજકીય પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. સુત્રોએ ઉમેર્યુ કે વોર્ડ નં.૧૫ વિશે પણ તાકીદે નિર્ણય થઇ શકે છે.

બીજી તરફ કોંગ્રેસના જે નામો જાહેર થઇ ગયા છે તે પૈકી વોર્ડ નં.૧૭માં ઉમેદવાર બદલવાની માંગણી સાથે ઉહાપોહ કરવામાં આવ્યો હતો. પરંતુ નેતાગીરી દ્વારા એવું સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે જાહેર થઇ ચુકેલા નામોમાં કોઇ ફેરફાર કરવાને અવકાશ નથી. આ સંજોગોમાં હવે જાહેર થઇ ગયેલી યાદીમાં કોઇ ફેરફાર થવાની સંભાવના નથી.

દરમિયાન કોંગ્રેસના ઉમેદવારો દ્વારા આજથી જ ફોર્મ રજુ કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. તા.૧૧ સુધીમાં ફોર્મ ભરવાના થાય છે છેલ્લા દિવસે ધસારો રહેવાનું સ્પષ્ટ છે તેને ધ્યાનમાં રાખીને પાર્ટી નેતાગીરીએ આવતીકાલે ફોર્મ ભરવાની સુચના આપી છે.

અગાઉ જાહેર થઇ ગયેલા ૪૦ નામ તથા સંભવિતપણે આજે નક્કી થનારા નામોમાં તમામને કાલે ફોર્મ ભરી દેવા કહેવાયું છે, જો કે કોઇ આવતીકાલે ફોર્મ ભરવામાં અસમર્થ રહે તો શનિવારની છૂટ આપવામાં આવી છે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઇ વોર્ડ નંબર ત્રણ તથા વોર્ડ નંબર ૧૫ નો મુદ્દો હાલ પ્રદેશ કોંગ્રેસ માટે અત્યંત ચર્ચા નો વિષય બન્યો છે ત્યારે આ વખતે ભાજપને હંફાવા માટે પક્ષ સુ પગલાં લેશે તે જોવાનું રહ્યું.

